
# વિશ્વવિહાર

વર્ષ : 24 * અંક : 9 * જૂન 2022 * કિં. ₹ 15

## ગિરાગુર્જરી બને વિશ્વગુર્જરી



### માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલો ભાષાગૌરવનો ઉત્સવ






જાણીતા નાટ્ય-દિગ્દર્શક અને રંગમંચકલાના અભ્યાસી શ્રી ભરત દવેલિખિત
બૃહદ નાટ્યકોશ 'ભારતીય રંગભૂમિ' ખંડ ૧-૨નું
વિમોચન કરતા મંચસ્થ મહાનુભાવો



'મશીન લર્નિંગ અને ડીપ લર્નિંગની
ટૅક્નૉલૉજીથી સર્જાનારી આવતીકાલ'
વિશે સંજય ચૌધરી



'મહાભારતનું રૂપક અને રહસ્ય'
વિશે ડૉ. નરેશ વેદ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# નવી ક્ષિતિજો

માતૃભાષા ગુજરાતીના બે ભેખધારીઓએ ત્રીસ-ત્રીસ વર્ષ સુધી જીવન સમર્પિત કરીને કરેલું કાર્ય એટલે શ્રી ધીરુભાઈ ઠાકરના સંપાદન હેઠળ તૈયાર થયેલા ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથો અને શ્રી રતિલાલ ચંદરયાએ એકલે હાથે આકરો પુરુષાર્થ કરીને કરેલું સર્જન ગુજરાતી લૅક્સિકન. સાતેક વર્ષની મહેનત બાદ ગુજરાતી વિશ્વકોશના ૧૭૦ વિષયનાં ૨૪,૦૦૦થી વધુ લખાણો ઑનલાઇન ઉપલબ્ધ થયાં, તો વળી આજ સુધી પાંચ કરોડ લોકોએ ગુજરાતી ભાષાના શબ્દ, અર્થ કે ગ્રંથની ખોજ માટે ગુજરાતી લૅક્સિકનના પૉર્ટલની મુલાકાત લીધી છે. એ બંને ડિજિટલ સ્વરૂપે પ્રાપ્ત થતાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધનના કાર્યમાં એક નવો વેગ પ્રાપ્ત થયો છે.

એનું એક જ ઉદાહરણ આપું તો છેલ્લાં વર્ષોમાં ગુજરાતી વિશ્વકોશના પ્રત્યેક ગ્રંથની બેથી અઢી હજાર નકલો તૈયાર થતી હતી અને જેના વેચાણમાં આખો એક દાયકો વીતી જતો હતો. જ્યારે આજે દર મહિને એક લાખ લોકો ગુજરાતી વિશ્વકોશનાં અધિકરણો(લખાણો)માંથી માહિતી પ્રાપ્ત કરી રહ્યા છે.

હવે ગુજરાતી વિશ્વકોશે બીજાં નવાં ક્ષેત્રોમાં ખેડાણ શરૂ કર્યું છે. વિશ્વકોશના ભાષા-ગૌરવ ઉત્સવ સમારંભના અધ્યક્ષ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાષા-સાહિત્યની સમૃદ્ધિ દર્શાવતું પ્રદર્શન 'આપણી ભાષાની વિરાસત'નું ઉદ્‌ઘાટન કર્યું હતું અને આ પ્રદર્શનમાં અલભ્ય પુસ્તકો, હસ્તપ્રતો અને ગુજરાતી ભાષાની સમૃદ્ધિ દર્શાવતાં પુસ્તકો મૂકવામાં આવ્યાં હતાં. જ્યારે ગુજરાતી લૅક્સિકનમાં અત્યારે ઘણા ગ્રંથો ઈ-બુક્સ તરીકે મુકાયેલા છે. હવે એમાં ગુજરાતી વિશ્વકોશના ગ્રંથો પણ ઉપલબ્ધ થશે. જેમાં 'ગુજરાતના સ્વાતંત્ર્યસેનાની', 'ગુજરાતી રંગભૂમિ : રિદ્ધિ અને રોનક', 'વિક્રમ સારાભાઈ' જેવાં પુસ્તકો થોડા જ સમયમાં ઑનલાઇન પ્રાપ્ત થશે. આ વર્ષ તે ગુજરાતી લૅક્સિકનના પ્રણેતા રતિભાઈ ચંદરયાનું જન્મશતાબ્દી વર્ષ છે અને એ નિમિત્તે એકસો પુસ્તકો ઈ-બુક્સ તરીકે મૂકવા માગીએ છીએ.

એક મહત્ત્વની ઘટનાનો નિર્દેશ કરવો જોઈએ. મુંબઈના વાલકેશ્વરમાં આવેલા વિખ્યાત આદીશ્વર ભગવાનના જિનાલયમાં અરુણ શાહ, ગિરીશ શાહ જેવા ભાષાપ્રેમીઓએ ગુજરાતી વિશ્વકોશના પચીસ ગ્રંથોનું સામૈયું કર્યું હતું. એને ભાવપૂર્વક ગોઠવીને દેરાસરમાં મૂક્યા હતા અને અનેક દર્શનાર્થીઓએ આ વિદ્યાકાર્યનાં દર્શન-વાચનનો લાભ મેળવ્યો હતો. આપણાં દેવસ્થાનોમાં ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિની પ્રતિષ્ઠા થાય તેવો આ પ્રયત્ન નવીન ભાત પાડનારો બન્યો હતો.

શ્રી કિશોર દેસાઈના સંપાદન હેઠળ છેલ્લાં ૩૩ વર્ષથી પ્રકાશિત થતા ત્રૈમાસિક 'ગુર્જરી ડાયજેસ્ટ' એપ્રિલ, ૨૦૨૧થી વિશ્વકોશ દ્વારા નિયમિત પ્રકાશિત થઈ રહ્યું છે. વિદેશનાં સાહિત્યસર્જનો અને સર્જકો સાથે કેવો મીઠો અનુબંધ રચાય છે !

વિશ્વકોશે શરૂ કરેલો રોબૉટિક્સનો અભ્યાસક્રમ એ સર્વ પ્રથમ વાર ગુજરાતી ભાષામાં થયેલો અભ્યાસક્રમ છે. સામાન્ય રીતે આવા અભ્યાસક્રમની ફી ૩૦થી ૪૦ હજાર રૂપિયા હોય છે, જ્યારે વિશ્વકોશ દ્વારા શરૂ થઈ રહેલા આ અભ્યાસક્રમની ફી માત્ર ૫,૦૦૦ રૂ. રાખવામાં આવી છે, જેમાં ૨,૦૦૦ રૂ.ની કિટ આપવામાં આવે છે. આ અભ્યાસક્રમમાં આનંદનો વિષય એ છે કે દસમા અને બારમા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, વ્યવસાયીઓ, આચાર્યો અને સિનિયર સિટીઝન એવા સહુ કોઈએ આમાં પ્રવેશ મેળવ્યો છે. વળી વર્તમાન સમયની ટૅક્નૉલૉજી સાથે જોડાણ સાધવાના આ પ્રયત્નમાં 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' વિશે શ્રી ચિંતનભાઈ ભટ્ટનું પુસ્તક પણ પ્રકાશિત કર્યું છે. વળી દર ત્રણ મહિને ટૅક્નૉલૉજીને અનુલક્ષીને ડેટા, મશીન લર્નિંગ, ડીપ લર્નિંગ કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવા વિષયો પર વ્યાખ્યાનો યોજાય છે.

આની સાથોસાથ તાજેતરમાં વિશ્વકોશમાં આદરણીય ધીરુબહેન પટેલની નિશ્રામાં ચાલતી બહેનોની પ્રવૃત્તિ 'વિશ્વા' દ્વારા લેખન-શિબિરનું આયોજન થયું. સામાન્ય રીતે સર્જનાત્મક શક્તિને અભિવ્યક્ત કરવાની જુદી જુદી સર્જન-શિબિરો થતી હોય છે, પરંતુ લેખન કરવાનો પહેલો પાઠ ભણાવતી શિબિરો થતી નથી. આ શિબિરમાં ૩૫થી ૩૬ બહેનોએ ભાગ લીધો અને શુદ્ધ લેખન અને સાહિત્યસર્જન માટેની તાલીમ મેળવી. આમાં પંદર વર્ષથી માંડીને સાઠ વર્ષની બહેનોએ ભાગ લીધો હતો. કૉલેજમાં અભ્યાસ કરતી યુવતીથી સર્જનાત્મક લેખન કરતી લેખિકાઓ સુધી સહુએ ભાષાનાં વિવિધ પાસાંઓનું જ્ઞાન-સંપાદન કરવા પ્રયત્ન કર્યો હતો.

એક બીજા કાર્યનો પણ વિશ્વકોશ દ્વારા આરંભ થઈ રહ્યો છે. દસમા ધોરણમાં અને બારમા ધોરણમાં અભ્યાસ કરતા ગુજરાતના વિદ્યાર્થીઓ ઘણી મોટી સંખ્યામાં

## અનુક્રમ


| | | |
|---|---|---|
| નવી ક્ષિતિજો | ૩ | કુમારપાળ દેસાઈ |
| ગુજરાતી ભાષા-સંસ્કૃતિની સિદ્ધિનું નવું શિખર | ૬ | — |
| વૈશ્વિક વિચારોનું મેઘધનુષ | ૧૨ | ડંકેશ ઓઝા |
| આભાસી નાણું | ૧૫ | પ્રવીણ ક. લહેરી |
| પત્નીનો ગુસ્સો હળવો કરતી દવાની શોધ | ૧૮ | રતિલાલ બોરીસાગર |
| અંતરીક્ષનો મારગ છે શૂરાનો | ૨૧ | ચિંતન ભટ્ટ |
| આપણો સમૃદ્ધ વારસો | ૨૪ | — |
| પર્યાવરણ કાજે પુરુષાર્થ | ૨૭ | પ્રીતિ શાહ |
| થંભ્યા સંતૂરના સ્વરો | ૨૯ | અભિજિત વ્યાસ |
| અસ્મિતા વિશેસ સંવાદ | ૩૧ | ભદ્રાયુ વછરાજાની |
| સ્માર્ટફોન એસેસરીઝ | ૩૫ | હર્ષ મેસવાણિયા |
| પેવેલિયન વૈવિધ્ય | ૩૮ | સુધા ભટ્ટ |
| વિશ્વકોશવૃત્ત | ૪૦ | — |
| એક ઐતિહાસિક પ્રકાશન | ૪૨ | — |

ગુજરાતી વિષયમાં નપાસ થતા હોય છે અથવા તો ઘણા ઓછા ગુણ મેળવતા હોય છે. આ અંગે આચાર્યો અને શિક્ષકોએ સાથે મળીને એવું તારણ કાઢ્યું કે ગુજરાતી વિષયમાં વ્યાકરણના વિષયમાં વિદ્યાર્થીઓના ઘણા ઓછા માર્ક્સ આવે છે. આથી વિદ્યાર્થી હસતા-રમતા આનંદભેર વ્યાકરણ શીખી શકે તે માટે લગભગ ચોથા ધોરણથી આરંભીને વ્યાકરણના પાઠ શીખવવાનું આયોજન છે. એ ઑનલાઈન મૂકવામાં આવશે અને જરૂર પડ્યે જુદી જુદી નિશાળોને એની પેનડ્રાઈવ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આવી જ રીતે એક બીજું આયોજન પણ આકાર લઈ રહ્યું છે અને તે વિદેશમાં વસતાં ગુજરાતી કુટુંબોનાં બાળકોને ગુજરાતીમાં વાતચીત કરતાં શીખવવાનું. વિશ્વકોશમાંથી એના પાઠો તૈયાર કરવામાં આવશે અને એમાં વાતચીત માટે પ્રયોજાતું ગુજરાતી શીખવવામાં આવશે. હાલ અમેરિકામાં વસતા કેટલાક મિત્રોનો આમાં સહયોગ સાંપડી રહ્યો છે અને થોડા સમયમાં જ આ યોજના આકાર લેશે.

ગુજરાતી લૅક્સિકનના પ્રણેતા રતિભાઈ ચંદરયાની આ જન્મશતાબ્દીના પ્રસંગે વિશ્વકોશ દ્વારા બે ઍવૉર્ડ આપવામાં આવશે, જેમાં પ્રથમ ઍવૉર્ડ ગુજરાતી ભાષા, સાહિત્યમાં ડિજિટલ ક્ષેત્રે મહત્ત્વની કામગીરી કરનાર વ્યક્તિ અથવા સંસ્થાને આપવામાં આવશે અને બીજો ઍવૉર્ડ ભાષા, બોલી, કોશ-સર્જન અને ભાષા-વિજ્ઞાનમાં મહત્ત્વનું યોગદાન કરનાર વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવશે.

વિવિધ વિષયના જિજ્ઞાસુઓની સંસ્થા 'આસ્વાદ' પણ ૨૦૨૧ના નવેમ્બરથી વિશ્વકોશમાં ચાલી રહી છે અને તેમાં દર મહિનાના એક રવિવારે કોઈ વિષયના તજ્જ્ઞને બોલાવીને વ્યાખ્યાન યોજવામાં આવે છે. એના આયોજનમાં વિશ્વકોશ સહયોગી બની રહ્યું છે. એવી જ રીતે સાહિત્યકાર શ્રી હરિકૃષ્ણ પાઠકના સહયોગથી શ્રી હરિકેત પાઠક ચિત્ર-સ્પર્ધામાં ૫૨(બાવન) વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે, તો બીજી બાજુ વિદુષી શ્રી દક્ષાબહેન પટ્ટણીની સ્મૃતિમાં વિશ્વકોશ દ્વારા આયોજિત મહાત્મા ગાંધીજી વિશેની નિબંધ-સ્પર્ધાને પણ સારો એવો પ્રતિસાદ મળ્યો છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન, રાજકોટ દ્વારા ગુજરાતના અગ્રણીઓ સાથે અસ્મિતા વિશેષ સંવાદનું આયોજન કરવામાં આવ્યું અને ૨૦૨૨ માર્ચથી દર મહિને શ્રી ભદ્રાયુ વછરાજાની દ્વારા કરાયેલો 'અસ્મિતા - વિશેષ સંવાદ' રજૂ થાય છે. અત્યાર સુધીમાં આવા છ અસ્મિતા વિશેષ સંવાદ રજૂ થઈ ચૂક્યા છે. જેના દ્વારા ગુજરાતની અગ્રણી વ્યક્તિઓનાં જીવન, કાર્યો અને સંઘર્ષની માહિતી સાંપડે છે અને એક વિશેષ પ્રકારે દસ્તાવેજીકરણ પણ થાય છે.

આ રીતે અનેકવિધ આયોજનો દ્વારા ગુજરાતની અસ્મિતા પ્રગટાવવાનો વિશ્વકોશ પ્રયત્ન કરી રહ્યું છે અને થોડા જ સમયમાં એનું એક અલાયદું સંશોધન-કેન્દ્ર પણ કાર્યરત બનશે.

કવિ નર્મદની આ પંક્તિઓનું સ્મરણ કરીએ :

*શુભ શકુન દીસશે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત.*

*ચાલો, શુભ શકુન સાથે ગુજરાતી ભાષા-સંસ્કૃતિની અસ્મિતાયાત્રાનો*

*સહુ સાથે મળીને પ્રારંભ કરીએ.*

**– કુમારપાળ દેસાઈ**

# ગુજરાતી ભાષા-સંસ્કૃતિની સિદ્ધિનું નવું શિખર

ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિને ઉજાગર કરતી અને એની અસ્મિતાનું સંવર્ધન કરતી એક વિશિષ્ટ ઘટના વિશ્વકોશભવનમાં ૧૨ મે, ૨૦૨૨ના દિવસે સર્જાઈ. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સાથે ગુજરાતી લૅક્સિકન જોડાયું અને એ રીતે ગુજરાતી શબ્દસાગર અને જ્ઞાનસાગરનું સંગમતીર્થ રચાયું. આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું,

'જેની આગળ માતૃ લાગે તે સર્વોચ્ચ સ્થાને જ હોવું જોઈએ એમાં વચ્ચે કોઈ ન હોઈ શકે. ગુજરાત વિશ્વકોશ અને ગુજરાતી લૅક્સિકન એ બે પરમ સેવકો આજે અહીં એક સાથે ભેગા થયા છે. ભાષા એ સંસ્કૃતિની વાહક ગણાય છે. બાર ગાઉએ બોલી બદલાય એવી આપણી કહેવત છે, પરંતુ આજના ગૂગલ ટ્રાન્સલેશનના વૈશ્વિક યુગમાં હવે દરેક ભાષા વિશ્વભાષા બનવા લાગી છે. કહેવાય છે કે કોઈ પણ સમાજ કે સંસ્કૃતિનો વિકાસ એની ભાષાના વારસા પર નિર્ભર હોય છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ એ ગુજરાતી ભાષાની વિકાસયાત્રાનું એક મહત્ત્વનું સાક્ષી રહ્યું છે. આપણી ગુજરાતી ભાષાની સમૃદ્ધિ અને ઉન્નતિમાં આ ટ્રસ્ટનું મહત્ત્વનું યોગદાન છે. વિશ્વકોશ ટ્રસ્ટનું યોગદાન ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કૃતિના ઇતિહાસમાં અદ્વિતીય છે.'

આ સંદર્ભમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, 'પાછલા બે દાયકામાં જમાનો ખૂબ બદલાઈ ગયો છે. ડિજિટલ ક્રાંતિએ ભાષા, બોલી, રહનસહનથી એકબીજાને સુપેરે કનેક્ટ કર્યા છે. ઝડપથી બદલાતા આ સમયમાં આધુનિક ટૅક્નૉલૉજી એક આવશ્યકતા બની ગઈ છે. આવા સમયે સ્વર્ગસ્થ શ્રી રતિલાલ ચંદરયાએ ગુજરાતી લૅક્સિકનની પહેલ દ્વારા આપણી ભાષાના અમૂલ્ય શબ્દભંડોળને ડિજિટલાઇઝ કરીને ભાષાસેવાની ધૂણી ધખાવી છે. ભાષાસેવાની એ ધૂણી આજે એક મહાયજ્ઞ બનીને ગુજરાતીઓની ગ્લોબલ ઓળખને અનુરૂપ ગુજરાતી ભાષાને પણ ગ્લોબલ બનાવી રહી છે. ગુજરાત અને ગુજરાતીઓ માટે આ આનંદની ઘટના છે. આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વાઇબ્રન્ટ સમિટના માધ્યમથી વેપાર-ઉદ્યોગમાં મૂડીરોકાણના એમઓયુ થાય છે પરંતુ આજે જે એમઓયુ થયા છે તે ભાષાના સંવર્ધન, સંસ્કૃતિનાં જતન અને ગુજરાતીપણાના ગૌરવને ઉજાગર કરતા એમઓયુ છે. મિત્રો, આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, લોહપુરુષ સરદાર પટેલ સહિતના મહાનુભાવો માતૃભાષામાં શિક્ષણના પ્રખર પુરસ્કર્તા હતા. આપણે એ ન ભૂલવું જોઈએ કે માતૃભાષા તો આપણી આંખ છે; માતૃભાષા સાથે જ આપણું સમૃદ્ધ સાહિત્ય, ભાતીગળ સંસ્કૃતિ, અનોખા ઉત્સવો, વિવિધ બોલીઓ, રીતિરિવાજ

વગેરે બધું જોડાયેલું છે. માતૃભાષા ભુલાય તો આ બધું ભુલાય અને ભાષા-સંસ્કૃતિનો ભવ્ય વારસો ગુમાવવો પડે. આમ ન થાય તે માટે સમાજ, સરકાર, શિક્ષકો, સાહિત્યકારો બધાએ સાથે મળીને નવી પેઢીમાં માતૃભાષા મજબૂત કરવાના પ્રયત્નો કરવા જોઈએ. ગુજરાત સરકાર સ્વભાષા અને સ્વસંસ્કૃતિના રક્ષણ માટે પ્રતિબદ્ધ છે. શ્રી નરેન્દ્રભાઈની આગેવાનીમાં પ્રાચીન ભાષાઓનો મહિમા વધી રહ્યો છે. એમણે તો અદાલતોમાં પણ માતૃભાષાના ઉપયોગની હિમાયત કરી છે. ભારત સરકાર તકતીઓ પર પણ સંસ્કૃતનો ઉપયોગ કરવાનું કહે છે. બે વર્ષ પહેલાં જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં ક્રાંતિકારી શિક્ષણનીતિ અમલમાં મૂકી છે; એમાં માતૃભાષાના શિક્ષણ પર જ નહીં, શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આજે જ્યારે જ્ઞાનની ક્ષિતિજો સતત વિસ્તરી રહી છે ત્યારે નવી માહિતી અને નવા જ્ઞાનને ગુજરાતમાં ઉપલબ્ધ કરાવવાની શિક્ષણવિદો, ભાષાવિદો, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારની સામૂહિક જવાબદારી છે. આ દિશામાં ગુજરાત વિશ્વકોશ અને ગુજરાતી લૅક્સિકન બંનેએ ગુજરાતી ભાષાઓમાં કોઈએ ન કરી હોય એવી ઉદાહરણરૂપ કામગીરી કરી છે.

'સાહિત્ય, કલા, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, રાજકારણ, ધર્મદર્શન જેવા જુદા જુદા ૧૭૦ જેટલા વિષયોની વિગતવાર માહિતી આપતો ૨૪,૦૦૦થી વધુ લખાણો ધરાવતો વિશ્વકોશ પ્રગટ કરીને આ સંસ્થાએ ગુજરાતી ભાષા અને સમાજની અભૂતપૂર્વ સેવા કરી છે, ડિજિટલ યુગમાં ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસારમાં ગુજરાતી લૅક્સિકને મહત્ત્વનું યોગદાન આપ્યું છે. વિદેશમાં વસતા ગુજરાતીઓમાં તો ગુજરાતી લૅક્સિકન ખૂબ લોકપ્રિય બન્યું છે. યુથકૉર્નર, બ્લોગ જેવાં માધ્યમો દ્વારા યુવાનોમાં ભાષાપ્રેમ સિંચવાનો અને તેમનું શબ્દભંડોળ વધારવાનો પ્રયાસ પણ લૅક્સિકન કરે છે એ પણ મને જાણવા મળ્યું છે. હવે આધુનિક ટૅક્નૉલૉજીથી ગુજરાતી ભાષાના ભવ્યવારસાને જાળવવા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લૅક્સિકન પરસ્પર સહયોગી બન્યા છે. રોબૉટિક્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી જટિલ વિજ્ઞાનશાખાઓના જ્ઞાનને ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવવાનો પ્રકલ્પ પણ આ બે સંસ્થાઓ સાથે મળીને યોજી રહી છે તે આવકારદાયક છે. મને વિશ્વાસ છે કે સહુના સામૂહિક પ્રયાસોથી ગુજરાતી ભાષાના ભવ્યવારસાની જાળવણી તો થશે જ, સાથે સાથે આપણી ગુજરાતી ભાષા-સંસ્કૃતિ સિદ્ધિનાં નવાં શિખરો સર કરશે. ફરી એક વાર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લૅક્સિકન બંનેના સૂત્રધારોને આ પહેલ માટે અભિનંદન.'

આ પ્રસંગે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી કુમારપાળ દેસાઈએ માતૃભાષાના મહત્ત્વની વાત કરીને છેલ્લાં સાત વર્ષની મહેનત બાદ ગુજરાતી વિશ્વકોશના ૨૬,૦૦૦ પૃષ્ઠોને ઑનલાઇન મૂક્યાં તેની વાત કરી અને કહ્યું કે, 'કલ્પના કરીએ નર્મદા નદીને કિનારે સવા ચાર એકરમાં પથરાયેલા વિશાળ કબીરવડની. સદીઓ પહેલાં એક બીજ વવાયું હશે, એમાંથી વડ થયો અને પછી વડવાઈઓ થઈ.

એ જ રીતે ૧૯૮૫ની બીજી ડિસેમ્બરે ગુજરાતી ભાષામાં વિશ્વનું જ્ઞાન આપવા માટે એક છાત્રાલયના રસોઈઘરમાંથી વિશ્વકોશની પ્રવૃત્તિનો પ્રારંભ થયો, એથી તો આ સંસ્થાનું સૂત્ર છે 'જ્ઞાનામૃતં ભોજનમ્'. જ્ઞાનરૂપી અમૃતનું ભોજન તૈયાર કરનારા વિદ્વાનો ને તજ્જ્ઞોનું એ રસોડું. એમાં સમગ્ર વિશ્વનું જ્ઞાન સર્વ જન સુલભ બનાવવાનું કપરું કામ હતું.

'આજે એક અનોખી વિશ્વસંસ્કૃતિ (યુનિવર્સલ કલ્ચર) આકાર લઈ રહી છે, ત્યારે માનવી ઇચ્છે કે ન ઇચ્છે, તોપણ તે વિશ્વમાનવી બની ચૂક્યો છે અને આવે સમયે એને પૃથ્વીના પટ પર પોતાનું અસ્તિત્વ જાળવવું હશે, તો આસપાસની સૃષ્ટિ અને સંપૂર્ણ દુનિયાની જાણકારી મેળવવી જરૂરી છે. એ જાણકારી માતૃભાષામાં મળે, તો તરત જ જીભવગી અને હૃદયલગી બની રહે.

'માતૃભાષામાં વિશ્વનું જ્ઞાન આપવા માટે એના પ્રણેતા અને શિલ્પી ડૉ. ધીરુભાઈ ઠાકરે યજ્ઞ આરંભ્યો. ૬૭ વર્ષે એનો પ્રારંભ કર્યો અને એમણે ૯૫મા વર્ષે વિદાય લીધી ત્યાં સુધી એક જ રટણા 'મારે મારા ગુજરાતને એનો પહેલો વિશ્વકોશ-(એન્સાઇક્લોપીડિયા) આપવો છે.' એ કાર્ય સિદ્ધ કરી વિદાય લીધી. પણ વિશ્વકોશ એ સતત ચાલતું વિદ્યાયજ્ઞનું કાર્ય છે. ભગવદ્ગીતાની ભાષામાં કહીએ તો એક પ્રકારનો સ્વાધ્યાય-યજ્ઞ છે. શ્રીકૃષ્ણે તો જ્ઞાનનો મહિમા કરતાં ગીતામાં કહ્યું છે, 'ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।' એટલે કે જ્ઞાનના જેવું બીજું કશું નથી અને એ રીતે ગુજરાતી વિશ્વકોશ પછી ડૉ. ચંદ્રકાન્ત શેઠના નેતૃત્વ હેઠળ બાળવિશ્વકોશ અને ત્યારબાદ પરિભાષાકોશ જેવા કોશની રચના થઈ. સંતકોશ, નારીકોશ અને વિજ્ઞાનકોશનું કામ ચાલે છે. વળી આઠ જેટલી વ્યાખ્યાનશ્રેણીઓ, જુદાં જુદાં ક્ષેત્રમાં મહત્ત્વનું કાર્ય કરતી વ્યક્તિઓનું અભિવાદન કરતા ઍવૉર્ડ, એકસોથી વધુ પુસ્તકોનું પ્રકાશન અને આમ વડની વડવાઈઓ ફેલાઈ ગઈ. કોરોના મહામારી દરમિયાન પણ એના કાર્યક્રમો અવિરતપણે ચાલુ રહ્યા. પ્રજ્ઞાચક્ષુઓ અને અન્ય લોકોને માટે એનું સામયિક 'વિશ્વવિહાર' ઓડિયો સ્વરૂપે આપવામાં આવે છે અને વેદ અને ઉપનિષદથી માંડીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબૉટિક્સ અને સર્જનાત્મક લેખન-શિબિર યોજવામાં આવે છે. એમાં પણ ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી જેના પ્રત્યેક મહિને બે વ્યાખ્યાન યોજવામાં આવે છે, તેના ૩૫૦થી વધારે વ્યાખ્યાનો યોજાયાં છે. ૧૯૪૮માં ઇઝરાયલની રચના બાદ સરકારે હિબ્રૂ ભાષાને અધિકૃત ભાષા જાહેર કરી. અનેક દેશોમાં વહેંચાયેલી યહૂદી પ્રજાને ઇઝરાયલમાં સ્થપાયેલી 'હિબ્રૂ યુનિવર્સિટી ઑફ જેરૂસલેમ' દ્વારા એક તાંતણે બાંધ્યા. અહીં જગતભરના વિદ્યાર્થીઓ આવે છે તો ગુજરાતી માતૃભાષાની કોઈ યુનિવર્સિટી સર્જીને સમગ્ર વિશ્વમાં વસતા ગુજરાતીઓનો ગુજરાતની અસ્મિતા સાથે અનુબંધ બાંધી શકાય ખરો ?

૯૦ લાખની વસ્તી ધરાવતા સ્વીડનમાં ૨૭ હજાર ચર્ચામંડળો છે. નાનકડા ગામમાં પણ ત્રણ-ચાર ચર્ચામંડળ મળે - જુદા જુદા વિષય પર સામસામી દલીલો કરે. એમાં

ક્યારેક કવિતાની પંક્તિ હોય તો કોઈ સુવાક્ય હોય. ગુજરાતથી ઓછી વસ્તી ધરાવતા વિશ્વના ચાલીસ દેશોએ પોતાની માતૃભાષાને વિસ્તારી છે. નૉર્વે (૫૩.૮ લાખ), ઇઝરાયલ (૯૨.૨ લાખ) કે સ્વીડન (૧.૦૪ કરોડ) જેવા દેશો પણ પોતાની માતૃભાષા માટે જાગ્રત છે. વળી માતૃભાષા ક્યારેય એકલી લુપ્ત થતી નથી પણ એની સાથોસાથ જીવનમૂલ્યો, પ્રજાની કોઠાસૂઝ, લોહીમાં ભળેલા સંસ્કારો, એનો ઇતિહાસ, એના તહેવારો – એટલે કે એ પ્રજાનું સત્ત્વ ક્ષીણ થાય છે અને એનાં સઘળાં મૂળિયાં એક સાથે ઊખડી જાય છે. આમ, માતૃભાષા ગુજરાતીના કબીરવડ સમા વિશ્વકોશની વડવાઈઓ ફેલાતી રહી.

જગતના ઇતિહાસમાં ધનવાન કે સામર્થ્યવાન નહીં, પરંતુ પરિવર્તનને અનુકૂળ થતી સંસ્કૃતિ જીવતી રહે છે. અમે એનો ઑનલાઇન ઉપક્રમ શરૂ કર્યો. વિશ્વકોશના ૨૫ ગ્રંથો ઑનલાઇન મૂક્યા. એમાં સતત ઉમેરાઓ કરીને એને અપડેટ કરવામાં આવે છે. આનંદની વાત એ છે કે ઑનલાઇન ગુજરાતીનો શુભારંભ પણ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યો છે. જ્યારે ગુજરાતી વિશ્વકોશનો ૨૫ ગ્રંથોનો પ્રકલ્પ પૂરો થયો, ત્યારે પૂજ્ય મોરારિબાપુ અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં વિમોચન-પ્રસંગ યોજાયો હતો અને પૂ. મોરારિબાપુએ આને ‘જ્ઞાની ઋષિઓનું યજ્ઞકાર્ય’ કહ્યું હતું. જ્યારે અત્યારના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, ‘વિશ્વકોશ એ માત્ર ગ્રંથ નથી કે એ માત્ર પુરુષાર્થ-યજ્ઞ નથી. આ પુરુષાર્થમાંથી ભવિષ્યના ભારતના નિર્માણનો અમૂલ્ય ખજાનો તૈયાર થઈ રહ્યો છે.’

‘વિશ્વકોશને ઑનલાઇન મૂક્યા પછી એની પ્રવૃત્તિઓ સતત વિસ્તરતી રહી. કવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ હોય કે પછી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિ હોય, એ બધી સંસ્થાઓને એમના કાર્યક્રમો યોજવા માટેની સુવિધા વિશ્વકોશ આપી રહ્યું છે. આજે ઑનલાઇન વિશ્વકોશ દ્વારા દેશ અને વિદેશના ૯૦,૦૦૦ લોકો દર મહિને માહિતી પ્રાપ્ત કરે છે. વળી આ માહિતી લખાણના શીર્ષકથી, લેખકના નામથી અને એના વિષયથી સર્ચ કરી શકાય તેમ છે. તેમજ કમ્પ્યૂટર અને મોબાઇલમાં તે મળી શકે છે. આ રીતે બાવીસ વર્ષ સુધી વિદ્વાનો, તજ્જ્ઞોએ જે વિદ્યાકાર્ય કર્યું તે વિશ્વના ખૂણે ખૂણે વસતી પ્રજાને ઉપલબ્ધ થયું છે. વિશેષ વાત તો એ છે કે આમાં જે માહિતી હોય છે તે અત્યંત પ્રમાણભૂત માહિતી હોય છે.

આજે હવે ગુજરાતી વિશ્વકોશ ગુજરાતી લૅક્સિકન સાથે જોડાય છે. રોજ પાંચ હજારથી દસ હજાર લોકો આ વેબસાઇટની મુલાકાત લે છે અને છેલ્લા એક માસમાં આ રોજના મુલાકાતીઓ ઉપરાંત એક લાખ પંચોતેર હજાર જેટલા અન્ય મુલાકાતીઓએ લૅક્સિકનની મુલાકાત લીધી છે. ભારત, અમેરિકા, કૅનેડા, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા, યુ.એ.ઇ., જર્મની, કેન્યા, નેધરલૅન્ડ અને ન્યૂઝીલૅન્ડ એ લૅક્સિકન જોનારા અગ્રણી દસ દેશો છે. આ માટે વિશ્વકોશ સંસ્થા પર વિશ્વાસ મૂકવા માટે મનુભાઈ ચંદરયા, કેશવ ચંદરયા, મુકેશ શાહ, વિમલ ચંદરયા, અજયભાઈ સંઘવી, કુંતેશ ચંદરયા, અશોક

કરાણિયા અને મૈત્રી શાહના આભારી છીએ. વિશ્વકોશ સાથે જોડાણ થતાં એક વ્યાપક સ્તરે આ કામ શરૂ થશે. ગુજરાતી લૅક્સિકનના પ્રણેતા શ્રી રતિભાઈ ચંદરયાનું આ જન્મશતાબ્દી વર્ષ છે અને એ નિમિત્તે એમની સ્મૃતિમાં અમે બે ઍવૉર્ડ જાહેર કરીએ છીએ.

આજે માતૃભાષા અંગે અનેક કાર્યો થઈ રહ્યાં છે, ત્યારે એટલું જ કહેવાય – 'ભાષા રક્ષિતઃ રક્ષિતા' – તમે ભાષાનું રક્ષણ કરો અને ભાષા તમારું રક્ષણ કરશે.

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ અને વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પી. કે. લહેરીએ ગુજરાતમાં ગુજરાતી ભાષાની પરિસ્થિતિ અંગે ધ્યાન દોરતાં જણાવ્યું કે, 'જ્ઞાન અને શબ્દભંડોળનો સંગમ થઈ રહ્યો છે, ત્યારે એક ગુજરાતી હોવાને નાતે ચાર મુદ્દા વિશે વિચારણા કરવાની જરૂર છે. પહેલું એ કે વાંચન ઘટતું જાય છે એમ આપણે કહીએ ત્યારે પુસ્તકો, અખબારો અને મુદ્રણ માધ્યમનું પ્રમાણ ઘટતું જાય છે, પરંતુ લોકો કલાકોના કલાકો મોબાઈલ પર વૉટ્સએપ, ફેસબુક જોતા હોય છે. એના સંદર્ભમાં આજે જે ઑનલાઈન કામ કરીએ છીએ તેને કારણે અનેક લોકો ગુજરાતી વાંચશે, કાવ્યો વાંચશે, કહેવતોના અર્થ સમજશે. એમના માટે અમે દરવાજો ખોલી આપ્યો છે. એનો પ્રચાર-પ્રસાર કેમ થાય – ખાસ કરીને આપણી શિક્ષણવ્યવસ્થામાં એ માટે કશુંક કરવું જોઈએ એ માટે નમ્ર સૂચન કરું છું.

'મુંબઈમાં ૨૫ વર્ષ પહેલાં લગભગ ૬૦૦ ગુજરાતી શાળા હતી. આજે એક પણ નથી. આપણા માટે પણ આ પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. દેવગઢબારિયા જેવા પ્રમાણમાં પછાત વિસ્તારમાં ગયો હતો તો ત્યાં ચાર-પાંચ અંગ્રેજી માધ્યમની સ્કૂલો ચાલે છે. મારી વાત કરું તો રાજુલાની તદ્દન સરકારી ગામડાંની શાળામાં શિક્ષકોના અભાવ વચ્ચે ભણી મુંબઈ જઈને મેં સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી, પરંતુ ભાષાને સંબંધ છે પ્રગતિ સાથે, અંગ્રેજી ભાષાનું જ્ઞાન જરૂરી છે, પણ માતૃભાષાના જ્ઞાન વિના આપણી જે પેઢી તૈયાર થઈ છે એના અંગે ચિંતા કરવા જેવું છે. હમણાં જીપીએસસી ભરતી કરે છે. એની પરીક્ષામાં આપણે પ્રશ્નપત્ર અંગ્રેજી કે ગુજરાતીમાં લખવાની પસંદગી આપીએ છીએ, તો ૬૪માંથી ૩૫ જણા અંગ્રેજીમાં જવાબ આપે છે, કારણ કે તે ગુજરાતીમાં લખી શકતા નથી. આ પરિસ્થિતિ નિવારવી જોઈએ. એના માટે આકરું સૂચન કરું તો માફ કરજો.

'મહારાષ્ટ્ર કે કર્ણાટકમાં ૧થી ૮ ધોરણ વચ્ચે ૧થી ૪ ધોરણનો માતૃભાષાનો કોર્સ ફરજિયાત છે. બંગાળમાં પણ છે. આપણું એક જ રાજ્ય એવું છે કે ગુજરાતી ભાષા-માતૃભાષા ન શીખવે તોપણ શાળાને માન્યતા આપીએ છીએ અને ગ્રાન્ટો આપીએ છીએ. આપણે માતૃભાષાનો કોર્સ નહીં કરીએ તો આપણી પેઢીએ અને આપણે માતૃભાષા માટે મોટી સમસ્યાનો સામનો કરવો પડશે.'

ગુજરાતી લૅક્સિકનના મૅનેજિંગ ટ્રસ્ટ્રી શ્રી મુકેશભાઈ શાહે આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે, 'ચંદરયા ગ્રૂપના પ્રણેતા પ્રેમચંદ ચંદરયા જામનગરથી ૧૯૧૬માં નૈરોબી ગયા.

શરૂઆતમાં રતિભાઈ પારિવારિક ધંધામાં જોડાયા. નિવૃત્તિ પછી ગુજરાતી ટાઈપરાઇટર શીખવાની ઇચ્છા થઈ. ટૅક્નૉલૉજીનો વિકાસ થતાં ૭૦ વર્ષની ઉંમરે કમ્પ્યૂટરને હાથ અડાડ્યો અને કમ્પ્યૂટર ચલાવતાં શીખ્યા. પરંતુ ગુજરાતી ફોન્ટ શોધવા દેશવિદેશ ફર્યા. પરિણામ નિરાશાજનક આવ્યું. રતિકાકાએ જાતે મહેનત કરીને સ્વખર્ચે ગુજરાતી ભાષા ઉપલબ્ધ કરવા કમર કસી. એમણે જીવનનાં પાછલાં ત્રીસ વર્ષનો બધો સમય આ કાર્ય પાછળ ખર્ચ્યો. ગુજરાતી ભાષાને ગુજરાતી લૅક્સિકન દ્વારા નવું સ્વરૂપ આપ્યું. માતૃભાષા માટે કંઈક કરી છૂટવાની એમની તમન્ના સાકાર કરી.

'આજે ભાષાની બે સંસ્થા ભેગી થાય છે તે ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે વિરલ ઘટના છે. એમાં આવેલા શબ્દકોશોની માહિતી આપી અને કહ્યું કે, રતિભાઈ ઉદ્યોગપતિ નહીં, શબ્દપતિ તરીકે સ્થાન પામ્યા છે.' ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લૅક્સિકનના એમ.ઓ.યુ.નું ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં આદાન-પ્રદાન કરવામાં આવ્યું.

આ પ્રસંગે શ્રી નીતિન શુક્લે માનનીય મુખ્યમંત્રીશ્રીને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું.જ્યારે શ્રી પ્રકાશ ભગવતીએ શાલથી સન્માન કર્યું હતું અને શ્રી અશોક કરણિયા અને શ્રી મૈત્રી શાહે મુખ્યમંત્રીશ્રીનું પુસ્તકથી અભિવાદન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રીતિ શાહે કર્યું હતું.

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.


'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

**બૅંકની વિગત**

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# વૈશ્વિક વિચારોનું મેઘધનુષ




રામલાલ પરીખ (૧૯૨૭-૧૯૯૯) ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક અને પછી કુલપતિ રહ્યા હતા. તેમનું સમગ્ર જીવન ગૂજરાત વિદ્યાપીઠને સમર્પિત હતું. તેઓ ૧૯૭૫થી ૧૯૮૧ દરમિયાન રાજયસભાના સભ્ય પણ હતા. રાષ્ટ્રની શિક્ષણનીતિના ઘડતરમાં તેમનું પણ યોગદાન હતું. વિશ્વભરની શિક્ષણની સંસ્થાઓ સાથે તેઓ જીવનભર જોડાયેલા રહ્યા. ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા ‘રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળા’ ૧૯૯૯માં તેમના નિધન પછી દર વર્ષે યોજવામાં આવે છે.

પ્રથમ સાત વ્યાખ્યાનોનું પુસ્તક ‘સીમા વિનાનું શિક્ષણ’ (૨૦૦૮) અને પછીનાં તેર વ્યાખ્યાનોનું પુસ્તક ‘વિચારવ્યોમનાં મેઘધનુષ’(૨૦૨૨)ના નામે પ્રકાશિત થયેલ છે. એક સમય હતો, જ્યારે આવી ઘણી સ્મૃતિ વ્યાખ્યાનમાળાઓ યોજાતી રહેતી હતી. ચાલીસેક વર્ષ પૂર્વે વિક્રમ સારાભાઈ સ્મૃતિ વ્યાખ્યાનમાળામાં અમદાવાદમાં અટિરા સભાગૃહમાં ગરીબી વિષય પર અમર્ત્યસેનને સાંભળ્યાનું યાદ આવે છે, જેમનો પરિચયવિધિ ત્યારે ઉમાશંકર જોશીએ કરાવેલો. આ બંને પુસ્તકમાં સારી વાત એ છે કે પ્રત્યેક વ્યાખ્યાનકારનો ફોટા સાથે વિગતવાર પરિચય વ્યાખ્યાન પૂર્વે મૂકવામાં આવ્યો છે. વ્યાખ્યાતાઓમાં જે તે વિષયના તજ્જ્ઞો હોય અને પોતાનું ચિંતન સોંપાયેલ વિષય પર રજૂ કરે તે સાવ સ્વાભાવિક છે. તેમાં શ્રીલંકાના ગાંધી તરીકે ખ્યાતનામ અહંગમયે આરિયરત્ને છે. તો વળી ઉદ્યોગપતિ રાહુલ બજાજ છે અને પ્રોફેસર યોહાન ગાલ્તુંગ પણ છે, જેમને શાંતિ સંશોધન શિક્ષણના પિતા ગણવામાં આવે છે. એમણે ૧૯૫૯માં ઓસ્લોમાં વિશ્વની સૌપ્રથમ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી હતી. આ બંને પુસ્તકોનું સંપાદન પુનિતા હર્ણે અને મંદાબહેન પરીખે કરેલ છે. સ્વાભાવિક છે કે અંગ્રેજી અને હિન્દીમાં અપાયેલાં આ વ્યાખ્યાનો બીજા સહાયકોની મદદથી અહીં ગુજરાતીમાં રજૂ કરાયાં છે.

રવીન્દ્ર વર્મા જે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ પણ રહેલા અને શિક્ષણવિદ તરીકે જાણીતા, તેમણે પહેલું વ્યાખ્યાન આપતાં જે વિચાર મૂકેલો તે આજે પણ આપણને પીડે છે. તેમણે કહેલું કે એકવીસમી સદીમાં ટૅક્નૉલૉજીનો ઘણો વિકાસ થશે અને વસ્તુઓનું ઉત્પાદન વધશે. સત્તાની શક્તિ અમર્યાદિતપણે વધશે, જ્ઞાનની શક્તિ વધશે. માહિતી અને સંચારમાં વધારો થશે, પણ વંચિત વર્ગ, અધિકાર વિનાનો વર્ગ જે આતંકવાદ અને હિંસાનો ભોગ બને છે, તેમના ભેદભાવો દૂર થશે ? જેમની પાસે

સંપત્તિ છે તેઓ ખુશી અને સંતોષનો અનુભવ કરી શકશે ? તેઓ ભાવપૂર્વક કહે છે કે આ સદીમાં માનવતાએ જીવન અને મૃત્યુ વચ્ચે પસંદગી કરવી પડશે !

સાતમું વ્યાખ્યાન તુલસી રામાયણી કથાકાર મોરારિબાપુએ આપેલું છે. જે ગાંધીજીનાં એકાદશ વ્રતો વિશે છે. તેમણે જાહેરજીવનની વિસંગતતા માટે આ પંક્તિઓ ટાંકી છે :

'નથી દીઠી કદી ભૂખને, અને છતાંય ભૂખ પર બોલે.
અનીતિમય જીવન છતાંય, પાછો સભામાં નીતિ પર બોલે.
પરાઈ નારીને દેખી, નયન જેનાં આમતેમ ડોલે હાલે અને
સભામધ્યે ઊભો થઈને, પાછો બ્રહ્મચર્ય પર બોલે,
ઈર્ષા, મદ અને મમતા અને લોભમાં પાંગળો થઈને,
વ્યાસની ગાદી પરથી એ પાછો ભક્તિ પર બોલે.'

ગુણવંત શાહે યુવાનોને પ્રભાવિત કરતાં પરિબળો અને જોખમોની સુંદર ચર્ચા કરી છે. યુવાન માણસની વ્યાખ્યા આપતાં તેમણે કહ્યું, 'વાહિયાત બાબતોને સહન કરવાની જેની શક્તિ અત્યંત મર્યાદિત છે તે યુવાન છે.'

જેમણે વ્યાખ્યાનમાળાનો લાભ લીધો છે તેમને પણ ફરીથી એ વ્યાખ્યાનો સુધી જવાની તક આ ગ્રંથો પૂરી પાડે છે. ઉદ્યોગપતિ રાહુલ બજાજ કહે છે કે ઉદ્યોગ-ધંધાનો ઉદ્દેશ સંપત્તિનું સર્જન કરવાનો નથી, પણ સમાજ, સરકાર અને ઉદ્યોગો વચ્ચે સંતુલન સ્થાપવાનો છે. સમાજ વિશે, સરકાર વિશે, અન્ય વ્યવસ્થાઓ વિશે, શિક્ષણ વિશે, ધર્મ વિશે, નાગરિક, સમાજ અને સાહિત્ય વિશે આપણને વિચારવા પ્રેરે તેવો ઘણો સંભાર અહીં સંગ્રહિત છે. નવી દુનિયાનું સ્વપ્નિલ ચિત્ર માત્ર નહિ પણ વાસ્તવિક ભયસ્થાનો તરફ પણ આપણને સચેત કરતા વિચારો અને વિગતો અહીં પૂરતા પ્રમાણમાં છે. દા. ત., લૉર્ડ ભીખુ પારેખ એમના વ્યાખ્યાન દ્વારા વેધક સવાલ પૂછે છે : 'ભારતની શિક્ષણવ્યવસ્થામાં શહેરી વિદ્યાર્થીનું વર્ચસ્વ વધારે રહે છે તેવું કેમ ?' તો વળી ડૉ. મશેલકર 'ગાંધી ઈજનેરી' જેવો શબ્દપ્રયોગ કરીને કણમાંથી મણ લાભે જણ જણ – એ મુદ્દે વાત કરે છે. જેનો અર્થ છે ઓછા સાધને વધુ ઉત્પાદન, વધુ લોકો માટે પણ વધુ નફા માટે નહિ, ક્યારેક એવું લાગે છે કે ગાંધીવિચારના ફેરફાર સહિતના યોગ્ય પ્રયોજનમાં જ આપણી સમસ્યાઓના ઉકેલ પડ્યા છે. ઈલાબહેન ભટ્ટે ઠીક કહ્યું છે કે : 'જાણે ગાંધીજી વિશ્વના વિચારવ્યોમમાં સેવાર્થે ઘૂમી રહ્યા હોય એવું મને લાગે છે.' તો વળી સાહિત્ય પરિષદના પ્રમુખ પ્રકાશ ન. શાહને લાગે છે કે 'આ વ્યાખ્યાનો નવનિર્માણને સારુ સંઘર્ષ અને રચનાલક્ષી સંવાદની ભૂમિકા રચી આપે છે.'

સ્મૃતિ વ્યાખ્યાનમાળા એ ગંભીર બાબત છે. વ્યાખ્યાતા પોતાનું સત્ત્વ તેમાં નિચોવતો હોય છે. વળી એ લેખિત સ્વરૂપે પણ આપવાનું હોય છે તેથી તેમાં ગંભીરતાનું ઉમેરણ થતું હોય છે, આમ વાચકને અહીં એક સાથે વીસ જેટલા વિચારકોના જે તે વિષય પરના સત્ત્વપૂર્ણ વિચારો સહજતાથી અને સરળતાથી પ્રાપ્ય બને છે. વ્યાખ્યાનના અંતે આવું મહત્ત્વનું પ્રદાન વિખરાઈ ન જવા દઈને અને સંકલિત સ્વરૂપે તેને મૂકીને આયોજન કરનારી સંસ્થાએ એક કરવા જેવું કામ કર્યું છે. હવે જેઓ

વ્યાખ્યાનના શ્રોતા જે તે વખતે બની શક્યા નથી તેમને અને ભાવિ પેઢીઓને આ બધું સહજ સુપ્રાપ્ય રહેવાનું છે.

આજનો સમય ઘણો વિકટ છે અને તેથી વિશ્વના વિચારો આપણને ઘરઆંગણે પ્રાપ્ત થાય અને આપણે એનો લાભ લઈએ એ ખૂબ જરૂરી છે. જે રામલાલ પરીખે વ્યાપક શિક્ષણપ્રવૃત્તિમાં રસ લીધેલો એ જ શિક્ષણપ્રવૃત્તિ સાતત્યપૂર્વક ચાલતી રહે તે જોવાનું કામ ભારતીય શિક્ષણ સમુદાય સંઘે ચાલુ રાખ્યું છે તે ઉદાહરણીય બાબત છે. કશું નકામું ન જાય અને બધું સર્વસુલભ બનતું રહે તે વ્યાપક આવશ્યકતા પણ છે. આ મેઘધનુષના સૌંદર્યને માણવા માટે અહીં વાચકને અસીમ અવકાશ છે. આશા રાખીએ સમાજ તેનો લાભ ઉઠાવશે.

**– ડંકેશ ઓઝા**

---

## વિશિષ્ટ ઉજવણી

ગુજરાત વિશ્વકોશ કાર્યાલયમાં એક શિરસ્તો વર્ષોથી ચાલે છે. દરેક મહિનામાં એક વાર એ મહિનામાં જેનો જન્મદિવસ આવતો હોય તેમના તરફથી ઉજાણી કરવી. આ ઉજાણીમાં વિશ્વકોશ તરફથી શુભેચ્છાસંદેશ અને કોઈક પ્રતીક-ભેટ આપવામાં આવે છે. ૨૦૨૨ના મે મહિનામાં આ ઉજવણી બહુ જ વિશિષ્ટ રીતે થઈ.

થોડા મહિના અગાઉ શ્રી કુમારપાળ દેસાઈને એવો વિચાર આવ્યો કે બાળવિશ્વકોશની બહેનો દ્વારા એકાદ કલાકનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવે. તેમાં બાળભોગ્ય અને બાળપથ્ય સામગ્રી પિરસાય. આ સંદર્ભે તા. ૧૮-૫-૨૦૨૨ના રોજ વિશ્વકોશભવનના મુખ્ય હૉલમાં બાળવિશ્વકોશની બહેનોનો રેકૉર્ડેડ કાર્યક્રમ રજૂ થયો. આખા કાર્યક્રમનું સંચાલન જાણીતાં અભિનેત્રી દીપ્તિ જોશીએ બહુ જ રસપ્રદ રીતે કર્યું. પ્રારંભમાં અલ્પા શાહ અને શ્રદ્ધા ત્રિવેદીએ બાળગીતો રજૂ કર્યાં. ત્યારબાદ અંજના ભગવતીએ 'ખેતરમાં તેતર' નામક વાર્તા સચિત્ર રજૂ કરી અને કુદરતની કરામતોની જાણકારી આપી. શુભ્રાબહેન દેસાઈએ 'મિસાઇલ મૅન' અબ્દુલ કલામનો વિદ્યાર્થીઓ સાથેની પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રજૂ કરી, કલામની વિદ્વત્તા, સરળતા અને સાદગીને ઉજાગર કર્યાં. રાજશ્રી મહાદેવિયાએ ડ્રૉન વિશે માહિતી આપી, તેના પ્રકારો અને ઉપયોગિતા જણાવ્યાં. અમલા પરીખે સાહસિક કન્યા માનસી જોશીની વ્યથાસભર કથા રજૂ કરી. એક પગ કૃત્રિમ હોવા છતાં તેમણે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરેલો - તેની સંઘર્ષકથા ટૂંકમાં પણ સરસ રીતે રજૂ કરી. પ્રીતિ ચોકસીએ અનેક ઉદાહરણો સાથે માતૃભાષાનો મહિમા ગાયો અને માતૃભાષા જ સંસ્કારનું - સંસ્કૃતિનું જતન કરવાનો મહત્ત્વનો આધારસ્તંભ છે તે સમજાવ્યું. અંતે અલ્પા શાહલિખિત અને દીપ્તિ જોશી દિગ્દર્શિત નાટક 'સાથ રહે તંદુરસ્તી' ભજવાયું. તેમાં સાદું જીવન, સારી ટેવો અને કસરત વગેરે પર ભાર મૂકી, તંદુરસ્ત જીવનનો એક સરિયામ રસ્તો કેવો સરળ ને સહજ છે તે દાદી-નાની નિમિત્તે બતાવાયું. તેમાં બાળવિશ્વકોશની બધી બહેનો અને દીપ્તિ જોશીએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ સહુએ માણ્યો અને પ્રસન્નતા વ્યક્ત કરી.

**– શ્રદ્ધા ત્રિવેદી**

# આભાસી નાણું

અર્થશાસ્ત્રની દૃષ્ટિએ નાણું એટલે કોઈ પણ દેશમાં માલસામાનની ખરીદી કે સેવા માટે ચૂકવી શકાય, દેવું લેવા અને ભરપાઈ કરવામાં કામ આવે અને વળી તે સરકાર-માન્ય હોય તેવા સિક્કા કે નોટનાં સ્વરૂપે હોય, તેમ તેને સમજવામાં આવે છે. આ નાણાં થકી જ ચાર કાર્યો થઈ શકે. ખરીદ-વેચાણ સમયે વિનિમય માધ્યમ તરીકે, હિસાબ ગણવાના એકમ તરીકે, મૂલ્યનો સંગ્રહ કરવા માટે અને ભવિષ્યની લે-વેચ માટે સ્વીકાર્ય એકમ છે. અગાઉ રાજ્યસત્તાઓ પોતે નોટો છાપીને કે કેન્દ્રીય બૅંક દ્વારા જારી કરેલી નોટ સામે તેટલા મૂલ્યનું સોનું આપવાની બાંહેધરી આપતી હતી. હવે તો નોટમાં દર્શાવેલ મૂલ્ય જ મળે છે. સરકાર તેટલી કિંમતની નોટ જ આપવાની બાંહેધરી આપે છે. છેલ્લાં થોડાં વર્ષોમાં ગ્રીસ, વેનેઝુએલા અને શ્રીલંકામાં આર્થિક સ્થિતિ હદ બહાર કથળતાં ત્યાંના ચલણનું વાસ્તવિક મૂલ્ય અત્યંત ઘટી ગયું હતું.

આજે વિશ્વના મોટા ભાગના દેશો જાહેર અને વિદેશી દેવાના ડુંગરો નીચે એટલા દબાયેલા છે કે તેનું ચલણ ક્યારે કિંમત ગુમાવી દેશે તે કહી શકાય નહીં તેવી ગંભીર સ્થિતિ છે. અમેરિકાના સર્વશક્તિમાન ડૉલર સહિત દરેક દેશનાં ચલણ મુશ્કેલીમાં છે. જેમ કાગળની એક નોટ એની કિંમત દર્શાવે છે તેમ વર્ચ્યુઅલ કરન્સી એ કિંમતને ડિજિટલ માધ્યમથી દર્શાવે છે. આ ડિજિટલ કરન્સીના ઉપયોગ માટે ઇન્ટરનેટ, તેના પરની ઍપ્લિકેશન જરૂરી છે. હાલ આ પ્રકારનું ‘આભાસી નાણું’ મોટા ભાગની સરકારે કે કેન્દ્રીય બૅંકોએ માન્ય નથી રાખ્યું. અમેરિકા કાયદેસરની ડિજિટલ કરન્સી બહાર પાડવા લગભગ તૈયાર છે.

આપણા દેશમાં ૨૦૨૨-૨૩ના વર્ષમાં ‘આભાસી નાણાં’ અંગે બે મહત્ત્વની જાહેરાતો થઈ છે. ભારતીય રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા ટૂંક સમયમાં ડિજિટલ કરન્સી જારી કરવા માટે તૈયારી કરી રહી છે. આજે જ્યારે મોટા ભાગના નાણાકીય વ્યવહારો ડિજિટલ બન્યા છે, ત્યારે ડિજિટલ કરન્સી સરકારમાન્ય (લીગલ ટેન્ડર) હોય તો તેનાથી સરળતા વધશે. આ ઉપરાંત ‘બિટકૉઇન’ જેવી વર્ચ્યુઅલ કરન્સીઓ (જે આજે સરકારની માન્યતા વિના પણ) રોકડ/નોટ સાથે વિનિમય થઈ શકે છે એ હકીકત છે. આ બાબત ધ્યાને લઈ ‘બિટકૉઇન’ સહિત તમામ ક્રિપ્ટો કરન્સી - વર્ચ્યુઅલ કરન્સીના ધારકોને આ ધારણ કરવા પર આવકવેરો લાગુ પાડ્યો છે. વર્ચ્યુઅલ કરન્સી અને ડિજિટલ કરન્સી વચ્ચેનો મુખ્ય ભેદ એ છે કે ડિજિટલ કરન્સી સરકારમાન્ય છે, જ્યારે વર્ચ્યુઅલ કરન્સી ખાનગી વ્યક્તિ/સંસ્થાએ બહાર પાડી છે. તેનો વ્યવહાર ડિજિટલ માધ્યમથી છે, પણ તેને માન્યતા નથી. તેમાં નથી સલામતી કે નથી સંપૂર્ણ ભરોસો.

જાણીતા મૂડીરોકાણકાર અને વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં સ્થાન ધરાવતા વોરન બફેટે વર્ચ્યુઅલ કરન્સી - બિટકૉઇનના નામોલ્લેખ સાથે કહ્યું છે; ‘મને વિશ્વના તમામ બિટકૉઇન ખરીદવા માટે કોઈ ઑફર આપે, તો હું તેનું મૂલ્ય ૨૫(પચીસ) ડૉલર



પણ નથી આંકતો પણ જો મને અમેરિકાના ખેડૂત તેમની ખેતીની જમીનનો સારો એવો જથ્થો વેચવા દરખાસ્ત કરે તો હું તેના માટે તત્કાળ પચીસ અબજ ડૉલરનો ચેક આપવા તૈયાર છું. ખેતીની જમીન ઊપજ આપે છે. બિટકૉઇન જેવાં આભાસી નાણાં કશું ઉત્પાદન કરતાં નથી. તેનું વાસ્તવિક મૂલ્ય કશું નથી.' આમ છતાં અબજો બિટકૉઇનમાં લોકોએ રોકાણ કર્યું છે. દરરોજ તેનો વ્યાપાર થાય છે. કિંમતમાં ઘટ-વધ થાય છે. બિટકૉઇન ખરીદવા લોકો પોતાની અથવા ડૉલરની કરન્સીમાં ચુકવણી કરે છે. ઘણા અર્થશાસ્ત્રીઓ આ સમગ્ર ઘટનાક્રમને એક અજાયબી ગણે છે. માત્ર ને માત્ર આ વર્ચ્યુઅલ કરન્સી જાહેર કરનાર સંસ્થામાં વિશ્વાસ રાખીને આજે વિવિધ ક્રિપ્ટો કરન્સીમાં ખૂબ મોટી રકમનું રોકાણ થયું છે.

એકમાત્ર અલ સાલ્વાડોર નામના દેશે બિટકૉઇનને લીગલ ટેન્ડર રૂપે (ખરીદ-વેચાણ-દેવા-લેવા-ભરવા માટે) માન્યતા આપી છે. દરેક દેશની સેન્ટ્રલ બૅંક ડિજિટલ કરન્સી ઇસ્યૂ કરે તો તેને લીગલ ટેન્ડર તરીકે માન્યતા મળશે. આવી કરન્સીને સબસિડી (BDC) તરીકે ઓળખવામાં આવે છે. માન્યતા વિનાનાં આભાસી નાણાં(વર્ચ્યુઅલ કરન્સી)નું ભવિષ્ય શું છે તે તો ભગવાન જ જાણે. જેમ સિક્કાની જગ્યા કાગળની નોટોએ લીધી તેમજ આજના સિક્કા-નોટોની જગ્યા ક્રમશઃ ડિજિટલ કરન્સી લેશે તેમાં શંકા નથી. આ આભાસી નાણાંના લાભો અને ગેરલાભો શું છે તે જાણવું ઉપયોગી થશે. આભાસી નાણું સરકારી માન્યતા અને તેના કારોબારમાં સલામતી ધરાવતું હોય તો તે એક આદર્શ સ્થિતિ છે. આપણે સૌ ક્રૅડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, પેટીએમ, ભીમ, રૂપેય જેવી ઍપ્લિકેશન દ્વારા નાણાંનો ડિજિટલ વિનિમય કરીએ છીએ. જોકે આમાં બૅંકના એકાઉન્ટ સાથેની કડી હોવાથી સલામતીનું ધોરણ સારું છે. હવે તો તાત્કાલિક મૅસેજ, વન ટાઇમ પાસવર્ડ (OTP) દ્વારા આવા વ્યવહારોને સલામત બનાવી શકાયા છે. જેને પરિણામે અગાઉ જે ઉચાપત-ગોટાળા થતા હતા તેના પર અંકુશ મૂકી શકાયો છે.

ડિજિટલ કરન્સીના ફાયદાઓ જોઈએ -

(૧) આ પ્રકારના વ્યવહારમાં ચુકવણી માટે અને તેમાં પણ ખાસ કરીને વિદેશી દેવા માટે ખૂબ સરળતા રહે છે. વિકેન્દ્રિત પ્રથામાં દરેક વ્યવહારની નોંધ એક બ્લૉક તરીકે થાય છે. મારે આભાસી નાણું ખરીદવું કે વેચવું છે તો તેની જાણ સમગ્ર નેટવર્ક સાથે જોડાયેલા કમ્પ્યૂટર(નોડ)માં થાય છે. મને ખરીદ-વેચાણ માટે જે ઑફર મળે તેમાંથી પસંદગી કરી હું તે વ્યવહાર પૂર્ણ કરી શકું છું.

(૨) આ વ્યવહાર વિકેન્દ્રિત છે, સાથે સાથે ફૉરેન ઍક્સચેન્જ - સી વગેરે ન હોવાથી વ્યવહારમાં વધારાનો ખર્ચ ઉમેરાતો નથી.

(૩) જેમ જેમ ડિજિટલ કરન્સીધારકોની સંખ્યા વધતી જાય છે, તેમ નાણાકીય વ્યવહારો માટે ખૂબ મોટો અવસર પ્રાપ્ત થાય છે. આ વ્યવહારને આંતરરાષ્ટ્રીય સરહદો નડતી નથી.

(૪) ડિજિટલ કરન્સીનો સંપૂર્ણ રેકર્ડ વપરાશકારને સહેલાઈથી ઉપલબ્ધ થાય છે. દરેક વ્યવહારનો અલગ બ્લૉક બને છે, પણ તેની માહિતી ગમે ત્યારે જોઈ શકાય છે.

ડિજિટલ કરન્સીના ફાયદાઓ છે તેમ ગેરફાયદાઓ પણ છે -

(૧) સૌથી મોટી ચિંતા સલામતીની છે. આ ડિજિટલ વ્યવહારો ક્યારે કોઈ હેક (ચોરી) કરી લે તે નક્કી નથી. તમામ કાળજી બાદ પણ છેતરપિંડીની શક્યતા વધારે છે.

(૨) આ પ્રકારનું ચલણ દર મિનિટે ભાવફેર અનુભવે છે. આ ચલણધારકો માંગ-પુરવઠાના સિદ્ધાંત પ્રમાણે ભાવ કરી લે-વેચ કરે છે.

(૩) આ વ્યવસ્થામાં તકલીફ થાય કે પડી ભાંગે, તો તે માટે કોઈ જવાબદાર નથી લેખાતું. જે નાણું છે તે વ્યવહારો દ્વારા ઉત્પન્ન થયું છે, તેને સરકારી માન્યતા ન હોય તો તે અનેક રીતે જોખમી બને છે.

(૪) આ નાણાં સાથે જોડાયેલા સૌ કોઈ અરસપરસના વિશ્વાસ પર આધારિત છે. સામૂહિક વિશ્વાસમાં ક્યારે તિરાડ પડે તે કહી શકાય નહીં. આ નાણું કાયદેસરનાં નાણાં મેળવવામાં કામ આવે તો જ તેની કિંમત છે.

અત્યારે બજારમાં વિવિધ પ્રકારનાં આભાસી નાણાં ઉપલબ્ધ છે. સૌથી પ્રથમ અને વધારે વ્યાપ ધરાવનાર બિટકૉઇન બાદ ઈથેરિયમનો નંબર આવે છે. (XRP) એક્સઆરપી, ટેથર, પોલ્કાડૉટ, સ્ટેલર, યુએસડી કૉઇન, ડોઝ કૉઇન, ચેઇન બીલન કારડાનો જેવી વર્ચ્યુઅલ કરન્સી ચલણમાં છે. જ્યારે આ કરન્સી ક્રિપ્ટોપદ્ધતિથી સલામત બનવા ફોટોગ્રાફનો ઉપયોગ કરે છે ત્યારે તેને ક્રિપ્ટો કરન્સી કહીએ છીએ. આમ ડિજિટલ કરન્સી એ નામ વિશાળ-સર્વગ્રાહી અર્થમાં છે. વર્ચ્યુઅલ અને ક્રિપ્ટો કરન્સી એ તેના પેટાપ્રકાર છે.

સૌથી અગત્યનો પ્રશ્ન એ છે કે વર્ચ્યુઅલ કરન્સીનું ભવિષ્ય શું છે ? એક વર્ગ એવું માને છે કે આ અકુદરતી, અસલામત અને માન્યતા વિનાની વ્યવસ્થાનો પરપોટો ગમે ત્યારે ફૂટી જશે. સામે પક્ષે એવી દલીલ કરવામાં આવે છે કે માન્યતા વિનાની અને જોખમી હોવા છતાં આ માધ્યમમાં લાખો લોકોએ રોકાણ કરી તેમાં વિશ્વાસ મૂક્યો છે. કોઈ પણ ચલણની અસરકારકતામાં વપરાશકારોનો વિશ્વાસ છે. તેની પાછળ રહેલી રાજસત્તાની આર્થિક તાકાત છે. આ પ્રકારની કરન્સી(નાણાં)ની લોકપ્રિયતા જોઈને હવે સરકારો પોતપોતાની ડિજિટલ કરન્સી લાવવાની તૈયારીમાં છે. આ ડિજિટલ કરન્સી આપણા આર્થિક વ્યવહારો, બચત-રોકાણ ક્ષેત્રે એક નવા અધ્યાયની શરૂઆત કરશે. ટૅક્નૉલૉજીએ આપણા જીવનને તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર રીતે પ્રભાવિત કર્યાં છે. ધીમે ધીમે સિક્કાઓનું ચલણ ઘટ્યું અને નોટોનું વધ્યું તેમ આગામી દિવસોમાં ડિજિટલ કરન્સીનો વપરાશ વધશે. વિવિધ દેશોની સરકારે ચર્ચાવિચારણા કરી આ બાબતે ચોક્કસ સમજૂતી પર આવવું જોઈએ. સમાન વલણ અને સમાન અંકુશો હશે તો પેપર કરન્સીમાંથી ડિજિટલ કરન્સીનું પરિવર્તન સરળ અને સલામત બનશે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ પૂર્વગ્રહ, રાષ્ટ્રવાદ કે સંકુચિત દૃષ્ટિ રાખ્યા વિના જે જરૂરી છે તે ઝડપથી અને વ્યવસ્થિત રીતે થાય તે માટે તમામ દેશોના સહિયારા પ્રયત્નોની આવશ્યકતા છે.

**— પ્રવીણ ક. લહેરી**

# પત્નીનો ગુસ્સો હળવો કરતી દવાની શોધ

'પત્નીનો ગુસ્સો હળવો કરતી દવાની શોધ' – આ સમાચાર વાંચતાં જ એ ઝૂમી ઊઠ્યો. પૈડાની શોધ માનવજાતિના વિકાસ માટે અનિવાર્ય હતી એટલી જ આ શોધ માનવજાતિને ટકાવવા માટે અનિવાર્ય હતી એમ એને લાગ્યું. જોકે આ દવાથી પત્નીનો ગુસ્સો સમૂળગો નિર્મૂળ નહીં થઈ શકે એ જાણી એને આ શોધ થોડી મોળી લાગી! એની પત્નીનો ગુસ્સો એટલો ભારે હતો કે, એ હળવો થાય તોય ભારે તો લાગે જ. એની પત્ની જ્યારે ગુસ્સે થાય છે ત્યારે જે હાથમાં આવે એનો છૂટો ઘા કરે છે. જે કર પારણું ઝુલાવે છે એ કર સમય આવ્યે વેલણ અને કડછી પણ ઝુલાવી જાણે છે. અને આવો સમય વારંવાર આવે છે. પહેલાં તો એ નિશાન ચૂકી જતી, પણ હવે નિશાન તાકવામાં એકદમ પાવરધી થઈ ગઈ છે; એટલે એની સમસ્યા વધુ ઘેરી બની છે. લગ્નને જેટલાં વરસ થયાં છે એનાથી વધુ ઘા એના શરીર પર પડ્યા છે. રાણા સંગને શરીરે એંશી ઘા હતા. પોતે આધુનિક સમયનો રાણો સંગ બની રહેશે એવું તેને લાગવા માંડ્યું હતું. આમ છતાં, પત્નીનો ગુસ્સો હળવો કરતી દવા અસરકારક નીવડશે તો પોતાને ઘણી રાહત રહેશે એટલું આશ્વાસન પણ ઓછું નહોતું.

છાપામાં આપેલા સરનામે દવા લેવા પહોંચી ગયો. એ સ્થળે એક ડૉક્ટરનું દવાખાનું હતું. ડૉક્ટર અંદર હતા, પણ બહાર લાઇનમાં કેટલાક પુરુષો ઊભા હતા. જોકે થોડી વારમાં એની પાછળ ખાસ્સી લાંબી લાઇન થઈ ગઈ. અનેક ગરીબડાં મોં પર અમર આશાની ઝલક દેખાઈ રહી હતી. પત્નીત્રસ્ત અથવા તો પત્નીના ગુસ્સાથી ગ્રસ્ત પતિદેવોની સંખ્યા આટલી મોટી છે એ જાણી એને થોડી રાહત થઈ. પત્ની બહારગામ હતી એટલે એ છાપું વાંચીને તરત નીકળી શક્યો. પત્ની હાજર હોત તો અત્યારના પહોરમાં બહાર જવા અંગે કેટલાયે સવાલ કર્યા હોત; અને સાચું કારણ કહ્યું હોત તો ગુસ્સે થઈને પત્નીએ એને સ્ટોરરૂમમાં પૂરી જ દીધો હોત ! પત્ની બે દિવસ પછી આવવાની છે, પણ દવા આજે ને આજે લઈ આવવી જરૂરી હતી. એક સંસ્કૃત શ્લોકમાં આવે છે : 'કમળમાં પુરાયેલો ભમરો વિચારે છે - રાત્રિ જશે, સવાર પડશે, સૂર્ય ઊગશે, કમળોની શોભા ખીલી ઊઠશે' - એમ આ (ભમરાળો) પતિ વિચારતો હતો : 'પત્ની બે દિવસ પછી આવશે, દવા પીશે, સુખનો સૂરજ ઊગશે, ગૃહજીવનની શોભા ખીલી ઊઠશે.'

એકાએક એને ખ્યાલ આવ્યો કે પોતાનો વારો આવ્યો છે. વિચારતંદ્રામાંથી એ મુક્ત થયો. આશાભર્યા હૃદયે એ ડૉક્ટરની કૅબિનમાં દાખલ થયો. ડૉક્ટરે દવા આપી અને સાથે બિલ આપ્યું. દવાની શીશી નાની હતી, પણ બિલની રકમ ઘણી મોટી હતી. બિલ જોઈ એનું દિલ ઘડીભર હલી ગયું; છતાં પત્નીનો ગુસ્સો હળવો થતો હોય તો

કોઈ પણ રકમ મોટી નથી એમ તેને લાગ્યું. બિલની રકમ ચૂકવી એણે ડૉક્ટરને પૂછ્યું, ‘સાહેબ, દવા અકસીર તો છે ને ? મારી પત્નીનો ગુસ્સો હળવો થઈ જશે ને ?’

‘જરૂર, જરૂરિયાત શોધની માતા છે એવું કહેવાય છે ને ? આ દવાની શોધ એ મારી પોતાની જરૂરિયાત હતી. મારી પત્ની પર આ દવાની સચોટ અસર થઈ એ પછી મેં આ દવા વેચવાનો નિર્ણય કર્યો.’

‘પણ સાહેબ, પત્ની ગુસ્સે જ ન થાય એવી દવા ન હોઈ શકે ?’

‘હોઈ શકે ને ? સંશોધન ચાલુ જ છે.’

‘સાહેબ, આ દવાની કશી આડઅસર નથી ને ? મારી પત્ની ગુસ્સાવાળી છે, પણ મને એના માટે ઘણો પ્રેમ છે.’

‘ના, તમારાં પત્ની પર કશી આડઅસર નહિ થાય. થશે તો તમારા પર થશે.’

‘મારા પર ? દવા પત્ની લે તો એની આડઅસર મારા પર કેવી રીતે થાય ?’

‘એ ચર્ચાનો વિષય નથી, અનુભવનો વિષય છે. તમે અનુભવ કરી જુઓ. હા, દવા અકસીર ન નીવડે તો પૈસા પાછા. અઠવાડિયાની દવા છે. ત્રણ મહિના પછી એની અસર દેખાવા માંડશે ને છ મહિનામાં તમે ચમત્કારનો અનુભવ કરશો. પણ હા, પત્નીને બધી હકીકત કહીને પછી જ દવા પાવાની. છેતરીને નહિ પાવાની. આ દવા શેના માટે છે એ તમારાં પત્ની જાણતાં હશે તો જ દવા કામ કરશે. બેસ્ટ લક !’

આશાભર્યા હૃદયે એ દવાખાનામાંથી બહાર નીકળ્યો.

પત્ની બહારગામથી પાછી ફરી. સ્ટેશને લેવા જવા અંગે વાત નહોતી થઈ, છતાં એ સ્ટેશને લેવા ગયો. પત્નીને થોડી નવાઈ લાગી એટલા બધા ઊમળકાથી એણે પત્નીનું સ્વાગત કર્યું. સ્ટેશનેથી ઘેર આવ્યાં.

‘તું થાકી ગઈ હોઈશ. જરા ફ્રેશ થા ત્યાં સુધીમાં હું ચા બનાવી લાવું છું.’ એણે કહ્યું. પતિનું નવું સ્વરૂપ જોઈ પત્નીને થોડી વધુ નવાઈ લાગી. પણ એ કંઈ બોલી નહીં. ચા લઈને આવતાં પહેલાં એણે દવાની શીશી પોતાના ઝભ્ભામાં રાખી દીધી. ચા ટેબલ પર મૂકી. પત્નીની સામેની ખુરશી પર ગોઠવાતાં એ બોલ્યો, ‘પ્રિયે…’ લગ્નજીવનની શરૂઆતમાં પતિ કવિતા કરવાના રવાડે ચડ્યો હતો ત્યારે આવાં આવાં સંબોધનોથી બોલાવતો હતો એ પત્નીને યાદ આવ્યું. એ વિસ્ફારિત આંખે પતિ સામે તાકી રહી. એ બોલ્યો, ‘પ્રિયે… તારા માટે એક સરસ દવા લાવ્યો છું.’ કહી એણે ટેબલ પર દવાની શીશી મૂકી.

‘મને ક્યાં કશું થયું છે ? શેની દવા છે ?’ પત્નીએ પૂછ્યું.

‘એવું છે…એવું છે કે…તું દવા લઈશ, ને એટલે…એટલે તારો ગુસ્સો ઓછો થઈ જશે.’ એણે લોચા વાળ્યા. આટલું સાંભળતાં જ પત્ની કોપાયમાન થઈ. દવાની શીશી હાથમાં લઈ સામેની ભીંત તરફ જોરથી ઘા કર્યો. શીશીના કેટલાયે ટુકડા થઈ ગયા : કોઈ ઈધર ગીરા, કોઈ ઉધર ગીરા ! દવા ઢોળાઈ ગઈ.

‘જુઓ, કાન ખોલીને સાંભળી લો.’ પત્ની ગુસ્સાભર્યા અવાજે બોલી, ‘અત્યારે

શીશી ભીંત તરફ જ ફેંકી છે, પણ હવે બીજી વાર આવી દવા લાવશો તો તમારા કપાળ પર જ શીશીનો ઘા કરીશ.'

એણે ડૉક્ટરને ગઈકાલની ઘટનાની - આમ તો દુર્ઘટનાની વાત કરી. ડૉક્ટરે પૂછ્યું, 'તમારાં પત્ની ગુસ્સે થાય છે, ત્યારે તમને સામો ગુસ્સો આવે છે ?'

'હા, સાહેબ, ઘણો ગુસ્સો આવે છે, પણ કશું બોલી શકતો નથી.' એણે કહ્યું.

'તો લો, આ દવા લઈ જાવ.' બીજી દવા આપતાં ડૉક્ટરે કહ્યું.

'નહીં સાહેબ, નહીં સાહેબ, મારે મારું કપાળ સાજું રાખવું છે.' એણે ગભરાઈને કહ્યું.

'તમે ગભરાવ નહીં. આ દવા તમારાં પત્ની માટે નથી, તમારા માટે છે.'

'મારા માટે ?' એણે વધારે ગભરાઈને પૂછ્યું.

'હા, તમારા માટે. આ દવા છ મહિના લેવાની છે. પહેલી વારની દવા તમારા પ્રત્યેની સહાનુભૂતિને કારણે મફત આપું છું. આ દવા લેવા માંડશો પછી પત્ની ગુસ્સે થશે ત્યારે તમને ગુસ્સો નહીં આવે. એક રીતે નહીં તો બીજી રીતે તમારું કામ થઈ જશે. 'બેસ્ટ લક !' ડૉક્ટરે કહ્યું.

દવા લઈને એ ઘેર આવ્યો ને તરત જ દવાનો પહેલો ડોઝ લઈ લીધો.

**— રતિલાલ બોરીસાગર**

---

## અંજલિ ખાંડવાળા શ્રેષ્ઠ પ્રથમ વાર્તાસંગ્રહ પારિતોષિક

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ખાંડવાળા ક્રિએટિવ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે નવી સર્જનાત્મક પ્રતિભાઓને અંજલિ ખાંડવાળા શ્રેષ્ઠ પ્રથમ વાર્તાસંગ્રહ પારિતોષિકથી નવાજવામાં આવે છે. અંજલિ ખાંડવાળા આપણી ભાષાનાં એક નીવડેલાં વાર્તાકાર હતાં અને એમના ત્રણ વાર્તાસંગ્રહ પ્રગટ થયેલા છે, જે ઘણાં પારિતોષિકોથી પુરસ્કૃત થયેલા છે તેમજ ભારતની વિવિધ ભાષાઓમાં એમની ઘણી વાર્તાઓ અનુવાદિત પણ થઈ છે. એમના સ્મરણાર્થે ખાંડવાળા ક્રિએટિવ ફાઉન્ડેશને અંજલિ ખાંડવાળા શ્રેષ્ઠ પ્રથમ મૌલિક વાર્તાસંગ્રહ પારિતોષિક એનાયત કરવાનું નક્કી કર્યું. ૨૦૧૭-૨૦૧૮નું પારિતોષિક શ્રી અજય સોનીના વાર્તાસંગ્રહ 'રેતીનો માણસ'ને એનાયત કરવામાં આવ્યું હતું અને ૨૦૧૯-૨૦૨૦નું પારિતોષિક શ્રી વિજય સોનીને 'વૃદ્ધ રંગાટી બજાર' માટે એનાયત કરવામાં આવ્યું હતું. ૨૦૨૧ દરમિયાન ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલા લેખકના પ્રથમ મૌલિક વાર્તાસંગ્રહને એક લાખ રૂ.નું પારિતોષિક આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ વાર્તાસંગ્રહ નીચે દર્શાવેલા સરનામે ૩૧ જુલાઈ, ૨૦૨૨ સુધીમાં મોકલી આપવાના રહેશે. દરેક સ્પર્ધકને ૨૦૨૧ દરમિયાન પ્રકાશિત થયેલા પોતાના પ્રથમ મૌલિક વાર્તાસંગ્રહની ત્રણ નકલો વિનામૂલ્યે નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે.

રાજલ મહેતા, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્ક સોસાયટીની પાસે, વિશ્વકોશમાર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩


# અંતરીક્ષનો મારગ છે શૂરાનો

સાધનસંપન્ન લોકો માટે - પર્યટન માટે - અંતરીક્ષનો માર્ગ ખૂલવા લાગ્યો છે. થોડી મિનિટો માટે વજનહીનતાનો અનુભવ, તીવ્ર ગતિનો પ્રવાસ, પૃથ્વીનાં દર્શન જેવા કેટલાક અદ્વિતીય અનુભવો પણ કરવા મળે છે, પણ અંતરીક્ષમાં થોડો સમય પોરો ખાવા રોકાવાનું નથી હોતું. પૃથ્વી બહાર અંતરીક્ષમાં રહેવા માટે અત્યારે તો એક જ જગ્યા છે — આંતરરાષ્ટ્રીય અંતરીક્ષમથક. વિજ્ઞાનીઓ ત્યાં મહિનાઓ સુધી રહે છે અને અવનવા પ્રયોગો કરે છે. તેમને જરૂરી હવા, પાણી અને ખોરાક સમયાન્તરે પૃથ્વી પરથી પહોંચાડવામાં આવે છે. અલબત્ત, આ જરૂરિયાતોને તેઓ પૃથ્વી પરથી સાથે પણ લઈ જાય છે. પૃથ્વી પર ઊછરેલા માનવીનું શરીર પણ પૃથ્વીના ભૌગોલિક ગુણધર્મો સાથે અનુકૂલન સાધતું હોય છે અને તેને માટે જ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાંથી તે પસાર થયું છે. શૂન્ય-જી તરીકે ઓળખાતી અંતરીક્ષની ગુરુત્વાકર્ષણવિહીન પરિસ્થિતિમાં તેઓને અનુકૂલન સાધવામાં થોડો સમય લાગે છે. આ પરિસ્થિતિમાં તેઓ વજનહીન - હળવા ફૂલ હોય તેવો અનુભવ કરે છે. જ્યારે યાત્રી પહેલી વખત અંતરીક્ષની યાત્રાએ જાય ત્યારે તો તેનો અનુભવ જુદો જ હોય છે. ચાલો, અંતરીક્ષયાત્રીઓના આંતરરાષ્ટ્રીય અંતરીક્ષમથકના અનુભવનું વિહંગાવલોકન કરીએ.

અંતરીક્ષની લાંબી મુસાફરી દરમિયાન તેમની હિલચાલ મર્યાદિત હોય છે, માટે ઉડ્ડયનના બાર કલાક અગાઉ તેમને ઓછું પાણી પીવાની સલાહ આપવામાં આવે છે. ઓછું પાણી પીવાને લીધે થોડો થાક અને થોડી નબળાઈ લાગે છે. ઉડ્ડયનની પંદર મિનિટમાં જ યાને ૨૮,૦૦૦ કિમી. પ્રતિકલાકની ઝડપ મેળવવાની હોય છે માટે તે પ્રવેગિત થાય છે. પૃથ્વીના વાતાવરણને ભેદીને મુસાફરી થતી હોવાથી કૅબિનની અંદર પણ ખૂબ સ્પંદનો ઉત્પન્ન થાય છે. આ સમયે યાનનું પ્રવેગ-સ્તર પૃથ્વીના પ્રવેગ-સ્તર કરતાં ૪થી ૬ ગણું વધુ હોય છે. યાનમાં પ્રવેગને લીધે ઉત્પન્ન થતા બળને ગુરુત્વાકર્ષણ બળ અથવા G-force (જી-બળ) કહેવામાં આવે છે. પ્રવેગ-બળને સમજવા માટે એક ઉદાહરણ જોઈએ. જ્યારે આપણે કારમાં મુસાફરી કરતા હોઈએ ત્યારે અચાનક તેનો પ્રવેગ વધારવામાં આવે - એક્સલરેટર (Accelrator) દબાવવામાં આવે - ત્યારે આપણે પાછળ તરફ ખેંચાઈએ છીએ. માનવીના શરીર પર જી-બળની અસર ઓછી થાય તેવી રીતે યાનની અંદર તેમની બેઠક ગોઠવવામાં આવી હોય છે.

જી-બળના ઉચ્ચ સ્તરને લીધે શરીરમાં લોહી ઘટ્ટ થતું હોય તેવો અનુભવ અવકાશયાત્રીઓને થાય છે. શરીરમાં બધે જ ઘટ્ટ લોહી પહોંચાડવામાં હૃદયને મુશ્કેલી પડે છે અને હૃદય પર બોજ વધી જાય છે. જાણે કે અંતરીક્ષયાત્રીની છાતી પર એક વિશાળકાય હાથી ન બેઠો હોય ! આ સમયે દરેક ધબકારે હૃદય ૭૫ml થી ૯૦ml સુધી વધુ પંપિંગ કરે છે. આ સમયે રક્તવાહિનીઓમાં દબાણ બને તેટલું ઘટી જાય તે રીતે બેઠકની સ્થિતિ ગોઠવવામાં આવે છે. આ વખતે માથું ખૂબ ભારે લાગે છે,

હાડકાં પણ ખૂબ ભારે થઈ ગયાં હોય તેવું લાગે છે અને પેટમાં સતત દુઃખે છે. આંખોની આસપાસ પણ ભારે દબાણ હોય છે અને ભાગ્યે જ કશું જોઈ શકાય છે. ઉડ્ડયનની શરૂઆતના આ તબક્કામાં અંતરીક્ષયાત્રી પોતાના સાથી અંતરીક્ષયાત્રી સાથે વાત પણ કરી શકતા નથી. અલબત્ત, પોતાના 'હેટ સેટ' વડે ઘોષણાઓ સાંભળીને ઉડ્ડયનની પ્રગતિ જાણી લે છે. ઉડ્ડયનના વિવિધ તબક્કા પસાર કરી અંતરીક્ષયાત્રી ભ્રમણકક્ષામાં પહોંચે છે. અહીં શૂન્ય-જી સ્થિતિ હોય છે. આમ એન્જિનના પ્રવેગથી ઉત્પન્ન થયેલા અત્યધિક ગુરુત્વાકર્ષણ બળ (જી-ફોર્સ) સહન કર્યા પછી તેઓ શૂન્ય ગુરુત્વાકર્ષણ બળ (શૂન્ય-જી) સ્થિતિમાં પહોંચે છે. પૃથ્વી પર વિકસેલા માનવશરીર માટે આ એક જુદી જ પરિસ્થિતિ છે. માનવશરીરને આ પરિસ્થિતિનો સામનો કરતાં કેટલીક તકલીફો પણ પડે છે - બીમાર પડી ગયા હોય તેમ લાગે છે.




માનવશરીરમાં સરેરાશ ૬૦ % પાણી હોય છે. નવજાત શિશુઓમાં ૭૭ % પાણી હોય છે જ્યારે વૃદ્ધોમાં તે ૪૫ % હોય છે. પૃથ્વી પર ગુરુત્વાકર્ષણની મદદથી પાણી શરીરના વિભિન્ન ભાગોમાં જાય છે. જ્યારે આપણે ખાસ કોઈ હિલચાલ વગર બેસીને લાંબા સમય માટે મુસાફરી કરીએ ત્યારે ગુરુત્વાકર્ષણને કારણે પગમાં વધારે પાણીનો સંગ્રહ થાય છે. તેને કારણે પગના તળિયે સહેજ સોજો આવી જાય છે. જો આપણે બેસી રહેવાને બદલે થોડી થોડી વારે હિલચાલ કરતાં રહીએ તો આ તકલીફ નહીં થાય. સ્નાયુ કોશિકાઓ અને લોહીમાં મહદ્અંશે પાણી હોય છે. અંતરીક્ષમાં ગુરુત્વાકર્ષણના અભાવે પગમાં જરૂરી માત્રામાં પાણી પહોંચતું નથી અને અન્ય અંગો તરફ તે વધુ માત્રામાં જાય છે. વધુ પડતા પાણીના ભરાવાના કારણે ચહેરો સૂજી જાય છે. તેને કારણે ફૂલેલા માથા અને પાતળા પગવાળી દેહાકૃતિ બને છે. તે 'ચિકન લેગ સિન્ડ્રોમ' અથવા 'પફી-ફેસ-બર્ડ-લેગ સિન્ડ્રોમ' તરીકે ઓળખાય છે. માટે જ અંતરીક્ષયાત્રીઓ અંતરીક્ષમાં પહોંચ્યા પછી તરત જ પોતાની તસવીરો પૃથ્વી પર મોકલતા નથી.

મગજ, નાક, આંખ અને કાન જેવા માથાના તમામ ભાગોમાં વધારાનું પાણી પ્રવેશવા લાગે છે. તેનાથી પેટમાં ગરબડ થાય છે, ભૂખ નથી લાગતી, છીંકો આવે છે, થાક લાગે છે અને ચક્કર આવે છે. ૮૦ ટકા અંતરીક્ષયાત્રીઓ આ અંતરીક્ષ બીમારીનો (Space Sickness) ભોગ બને છે. અલબત્ત ૨૪થી ૭૨ કલાકમાં આ બધું મટી જાય છે.

મગજમાં વધુ પાણીને લીધે આખા શરીરમાં પણ વધુ પાણી હશે તેમ મગજને લાગે છે. તેથી તે શરીરમાંથી વધુ પાણી બહાર કાઢવાનો સંકેત મૂત્રપિંડને આપે છે. મૂત્રપિંડ

આજ્ઞાનું પાલન કરી વધુ પાણી બહાર કાઢે છે. તેનાથી લોહી ઘટ્ટ થાય છે જેમાં લાલ રક્તકણોની સાંદ્રતા અને તેની ઘનતા વધુ હોય છે. ઘટ્ટ લોહીને શરીરની અંદરનાં નાનાં નાનાં છિદ્રોમાં પ્રવેશવામાં મુશ્કેલી પડે છે અને શરીરનાં તમામ અંગ-ઉપાંગોમાં તાજા રક્તપરિભ્રમણમાં ઘટાડો થાય છે. લાલ રક્તકણો અસ્થિમજ્જામાં ઉત્પન્ન થાય છે. લોહીમાં લાલ રક્તકણોની વધુ સાંદ્રતાને લીધે અસ્થિમજ્જા તેના ઉત્પાદનનું દૈનિક સ્તર નીચે લાવે છે. અંતરીક્ષમાં પહોંચ્યા પછીના પ્રથમ દશ દિવસમાં ૯ % અને પછીનાં થોડાં અઠવાડિયાંમાં ૧૫ % સુધીનો ઘટાડો લાલ રક્તકણોના ઉત્પાદનમાં જોવા મળ્યો છે. તેનાથી શરીર માટે જરૂરી લોહનું પ્રમાણ પણ ઘટે છે. હા, વ્યક્તિના અંતરીક્ષમાં પહોંચ્યાના પ્રથમ થોડા દિવસોમાં જ આ ફેરફારો થાય છે. ત્યારબાદ આવી કોઈ અસર થતી નથી.

પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા આપણે આપણી આજુબાજુની દુનિયાની અનુભૂતિ કરીએ છીએ. કાનનું પ્રવાહી આપણા શરીરની ટટ્ટાર મુદ્રા અને સ્થિરતાનો અનુભવ કરાવે છે. જો આપણે આંખો બંધ કરીને બેસીએ તોપણ સ્નાયુઓમાં અનુભવાતા દબાણ દ્વારા બેઠકની કઠિનતા કે નરમાઈને મગજ ઓળખી શકે છે. એ જ રીતે, આંખ બંધ હોય તોપણ આપણે ઊબડખાબડ ભૂપ્રદેશમાં છીએ કે સરળ ભૂપ્રદેશમાં છીએ તે મગજ ઓળખી શકે છે, પરંતુ પૃથ્વી પરની આવી કંઈક અનુભૂતિઓ અંતરીક્ષમાં ખોરવાઈ જાય છે. મગજ દ્વારા મળતા સંકેતો અને સંદેશાઓ વાસ્તવિકતા સાથે અસંગત બની જાય છે. વાસ્તવિકતા અને અનુભૂતિઓનું મગજ દ્વારા થતા અર્થઘટન વચ્ચે ગૂંચવાડો હોય તેમ લાગે છે. કાનનું પ્રવાહી ગુરુત્વાકર્ષણને અનુભવી શકતું નથી. અંતરીક્ષની વજનહીન સ્થિતિમાં જ્યારે અંતરીક્ષયાત્રીઓ તરતા હોય છે ત્યારે શરૂઆતમાં તેમને સમજણ નથી પડતી કે તેઓ ઊભા છે કે શીર્ષાસન કરે છે, સીધા સૂતા છે કે ઊંધા, અરે ! સૂતા છે કે ઊભા છે તેની પણ સમજણ નથી પડતી. જ્યાં સુધી અંતરીક્ષયાત્રી વજનહીનતાથી ટેવાઈ ન જાય ત્યાં સુધી તેઓને આ પ્રકારની દિશા અને મુદ્રા સંબંધિત મૂંઝવણ થયા કરે છે. આ સમયે અવકાશયાત્રીઓને માર્ગદર્શન માટે સમગ્ર અવકાશ-મથકમાં યોગ્ય સંકેતચિહ્નો ગોઠવવામાં આવ્યાં હોય છે. થોડા દિવસોમાં શરીર નવી પરિસ્થિતિને અનુકૂળ થઈ જાય છે.

અંતરીક્ષમાં પહોંચ્યા પછી શ્વસનતંત્રમાં કોઈ નોંધપાત્ર અસર જોવા મળતી નથી. જ્યાં સુધી પૃથ્વીની જેમ ઑક્સિજન મળતો રહે ત્યાં સુધી શ્વસનતંત્ર સામાન્ય રીતે કામ કરતું રહે છે. વજનહીનતા અથવા અંતરીક્ષની મુસાફરીને કારણે પાચન માટે સામાન્ય કરતાં થોડો વધારે સમય લાગે છે. જ્યારે અંતરીક્ષમાં આપણે કોઈ પણ વસ્તુને સ્પર્શ કરીએ છીએ ત્યારે આંગળીનાં ટેરવાં અથવા હથેળીઓ પર અનુભવાતી દબાણની માત્રા પદાર્થ પર બંધનકર્તા બળના અભાવને કારણે સહેજ અલગ અનુભવાય છે. તે સ્પર્શની અનુભૂતિને થોડી અલગ બનાવે છે. માથામાંથી વધારાના પાણીના નિકાલના કારણે આંખોમાં થોડી માત્રામાં શુષ્કતા પણ આવે છે. સ્વાદ, દૃષ્ટિ અને ગંધની ઇન્દ્રિયોમાં પણ નાની નાની અસરો જોવા મળે છે. શરીરનાં હાડકાં અને સ્નાયુઓને સક્ષમ રાખવા માટે અંતરીક્ષયાત્રીઓએ નિયમિત કસરત કરવી પડે છે.

**– ચિંતન ભટ્ટ**

# આપણો સમૃદ્ધ વારસો

માતૃભાષા - જ્યાં માતૃ આવે તે બાબત સર્વોચ્ચ સ્થાને જ હોય. આ શબ્દો માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જ્યારે ૧૨ મે, ૨૦૨૨ના રોજ વિશ્વકોશ મુકામે ગુજરાત વિશ્વકોશ અને ગુજરાતી લૅક્સિકનના જોડાણ સમયે ઉપસ્થિત રહ્યા ત્યારે તેમણે કહ્યા છે. જોવા જઈએ તો કેટલો ઉમદા વિચાર વ્યક્ત થયો છે ! ભાષા અને સંસ્કૃતિ એક સાથે જોડાયેલાં છે. ભાષા છે તો સંસ્કૃતિ છે. વિશ્વકોશ અને ગુજરાતી લૅક્સિકન થકી આ ભાષા-સંસ્કૃતિને સાચવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જો આ વારસો નહીં સચવાય તો આપણો આ સમૃદ્ધ વારસો ગુમાવી બેસીશું અને ભવિષ્યની પેઢીનું ભાવિ અંધકારમય થઈ જશે.

અગાઉ આપણે જોયું કે ગુજરાતી લૅક્સિકનમાં અંગ્રેજી-ગુજરાતી કોશ, ગુજરાતી-ગુજરાતી કોશ, ગુજરાતી-અંગ્રેજી કોશ અને બીજા અન્ય ઘણા કોશો આવેલા છે. એપ્રિલ માસમાં સૌથી વધુ વપરાયેલો વિભાગ 'ગુજરાતી-ગુજરાતી' કોશ છે. આ વિભાગમાં શબ્દના અર્થની સાથે સાથે તેની વ્યુત્પત્તિ, તે શબ્દ પુલ્લિંગ છે કે સ્ત્રીલિંગ છે, અવયવ છે, વિશેષણ છે કે નાન્યતર છે, એકવચનમાં છે કે બહુવચનમાં છે તે બધી બાબતોની પણ માહિતી આપવામાં આવે છે. વળી જો ભગવદ્ગોમંડલમાં આ શબ્દને સંલગ્ન વિસ્તૃત માહિતી કે અન્ય અર્થ આપવામાં આવેલા હોય અથવા આ શબ્દનો ઉપયોગ કોઈ જગ્યાએ થયો હોય કે તે શબ્દના અર્થ સંબંધિત રૂઢિપ્રયોગ હોય તો તે પણ આપવામાં આવે છે અને જો કોઈ સચિત્ર માહિતી હોય તો તે પણ અહીં આપવામાં આવે છે.

વળી વેબસાઇટ ઉપર જે શબ્દ શોધવામાં આવ્યો હોય તેને સંલગ્ન અગર કોઈ વિરુદ્ધાર્થી શબ્દ, કહેવત કે રૂઢિપ્રયોગ અથવા શબ્દસમૂહ હશે તો તે પણ તમે ત્યાં જ જોઈ શકો છો. આ બાબતને સમજાવતું એક ઉદાહરણ જોઈએ.

માનો કે, કોઈ વ્યક્તિ ગુજરાતી-ગુજરાતી શબ્દકોશ વિભાગમાં જઈને 'નામ' શબ્દનો અર્થ શોધે છે. તો તેને અહીં બતાવ્યા મુજબના ગુજરાતી લૅક્સિકનમાંથી, સાર્થમાંથી અને ભગવદ્ગોમંડલમાંથી નીચે મુજબના અનુક્રમે અર્થ જોવા મળશે.

ગુજરાતી લૅક્સિકનમાંથી :

| | | |
|---|---|---|
| ૧ | અવ્યય૦ | એટલે કે અર્થાત્ (ગુ.માં 'રૂઢ' નથી. સં. ગ્રંથોના અનુવાદોમાં 'બ્રહ્મ, નામ, વેદ' જેવો ઉપયોગ.) |
| ૨ | ન૦ | સંજ્ઞા, ઓળખ, અભિધાન, 'નેઈમ'. (૨) સંજ્ઞાવાચક કોઈ પણ શબ્દ, 'નાઉન.' (વ્યા.). (૩) ખ્યાતિ, પ્રતિષ્ઠા, કીર્તિ, આબરૂ. (૪) ક્રિ. વિ. જરાય, લેશ પણ |

સાર્થમાંથી :

| | | |
|---|---|---|
| ૧ | અ૦ | એટલે કે; અર્થાત્; ઉદા. બ્રહ્મ નામ વેદ; તેની ચર્યા નામ પ્રતિપાલન |

ભગવદ્‌ગોમંડલમાંથી : ભગવદ્‌ગોમંડલમાં 'નામ' શબ્દના કુલ ૧૬ જેટલા વિવિધ અર્થ આપવામાં આવ્યા છે, અહીં આપણે નમૂનારૂપ થોડાક અર્થ જોઈશું.

| | | | |
|---|---|---|---|
| ૧ | | પું. | (પિંગળ) એક વિષમજાતિ માત્રામેળ છંદ. તે રાયવસ્તુ છંદનો એક ભેદ છે. તેમાં એકવીશ ગુરુ અને બેતાલીસ લઘુ મળી ત્રેસઠ વર્ણ અને ચોરાશી માત્રા આવે છે. |
| ૨ | | પું. | નમન. |
| ૩ | | પું. | પરિણામ; ભાવ. |
| ૪ | | ન. | અનુજ્ઞા; અનુમતિ. |
| ૫ | | ન. | આમંત્રણ; સંબોધન. |
| ૬ | | ન. | (જૈન) કર્મનો એક પ્રકૃતિભેદ; શરીર, રૂપ, બાંધો, આકૃતિ, જાતિ વગેરે શુભ કે અશુભ શારીરિક સંપત્તિ મળે તેવું કર્મ. |
| ૭ | [ સં. નામન્ ] | ન. | (વ્યાકરણ) કોઈ પણ પ્રાણી અથવા વસ્તુને ઓળખવા માટેનો શબ્દ; સંજ્ઞા; અભિધાન. ઉપયોગ<br>બાહ્ય ઇંદ્રિયો કે મન વડે સમજી શકાય એવા પદાર્થને ઓળખવા માટે જે શબ્દ વપરાય છે તે નામ કહેવાય છે. નામ શબ્દ નમ્ નમવું ધાતુ ઉપરથી થયો છે, એટલે કે ક્રિયાપદના અર્થને ન છે તે નામ.<br>- સંસ્કૃતપુષ્પાંજલિ |

આ ઉપરાંત વેબસાઇટ ઉપર શબ્દસૂચિ આપવામાં આવે છે જે દ્વારા તમે જે શબ્દ શોધ્યો હશે તે શબ્દ ઉપરથી શરૂ થતા વિવિધ શબ્દોની યાદી પણ તમે જોઈ શકશો. જેમ કે અહીં શોધાયેલ શબ્દ નામ છે તો શબ્દસૂચિમાં તમે નામ શબ્દ ઉપરાંત નામ અફલ, નામ અર્ધપદ્માસન, નામ અમૂલ, નામ આપવું, નામ ઉછાળવું, નામ ઊછળવું, નામ ઊઠી જવું, નામ કમાવું, નામ કરવું, નામ કાઢવું, નામ કે નિશાન વગેરે જેવા વિવિધ શબ્દો અને તેના અર્થ પણ જાણી શકો છો.

તમે ગુજરાતી-ગુજરાતી શબ્દકોશ ધરાવતી એન્ડ્રોઇડ ઍપ્લિકેશન નીચે આપેલી લિંક ઉપરથી ડાઉનલૉડ કરી શકો છો :

https://play.google.com/store/apps/details?id=com.arnion.glpopup
(ઑફલાઇન એપ)

https://play.google.com/store/apps/details?id=com.arnion.glmobile
(ઑનલાઇન એપ, ભગવદ્ગોમંડલના અર્થ સહિત)

| એપ્રિલ માસમાં ગુજરાતી-ગુજરાતી શબ્દકોશ વિભાગમાં સૌથી વધુ વખત શોધાયેલા શબ્દો | એપ્રિલ માસમાં સૌથી વધુ ડાઉનલૉડ પામેલી ગુજરાતી લૅક્સિકનની મોબાઇલ ઍપ્લિકેશન | એપ્રિલ માસમાં વિદેશનાં પાંચ શહેરો જેમાંથી સૌથી વધુ વખત ગુજરાતી લૅક્સિકન વેબસાઇટની મુલાકાત લેવાઈ |
|---|---|---|
| ઉદ્‌બોધન | સાર્થ જોડણીકોશ | લંડન |
| ચિર | ભગવદ્‌ગોમંડલ | ટોરન્ટો |
| ગં-સ્વ | ગુજરાતી ડિક્શનરી | બ્રૅમ્પટન (કૅનેડા) |
| મૃદંગ | વર્ડ સર્ચ ગુજરાતી | સિડની |
| નિરીક્ષક | લર્ન ગુજરાતી | દુબઈ |

આપને ગુજરાતી લૅક્સિકન વેબસાઇટ કે મોબાઇલ ઍપ્લિકેશન સંબંધિત કોઈ પણ માહિતી મેળવવી હોય કે આ સંદર્ભે કોઈ પ્રશ્ન હોય તો આપ અમને info@gujaratilexicon.com ઉપર ઈમેલ કરી શકો છો.

---

## શ્રી હરિકેત પાઠક ચિત્ર-સ્પર્ધા-૬

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા હરિકૃષ્ણ પાઠકના સહયોગથી પ્રતિવર્ષ યોજાતી શ્રી હરિકેત પાઠક ચિત્રસ્પર્ધા-૬માં ૫૩ બાળકોએ ભાગ લીધો હતો. એમાં પ્રથમ વિભાગ ધોરણ - ૫, ૬, ૭નો હતો અને તેમાં પ્રાણીજગત, પક્ષીજગત કે રમતજગત વિશે બાળકોને ચિત્ર દોરવાનું કહેવામાં આવ્યું. આ સ્પર્ધામાં નીચેના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા.


પ્રથમ ઇનામ - ક્રિશા એચ. પૂજારા (સંત કબીર સ્કૂલ), દ્વિતીય - હીર એ. શાહ (નૉલેજ હાઈસ્કૂલ, નડિયાદ), તૃતીય - ધર્મી એચ. પાનેલિયા (સેન્ટ. મેરી સ્કૂલ)

જ્યારે ૮ અને ૯મા ધોરણના બીજા વિભાગમાં વૃક્ષવેલી, ગામડાની શેરી અને પ્રવાસના દૃશ્યમાંથી કોઈ પણ એક વિષય પર વિદ્યાર્થીઓને ચિત્ર દોરવાનું કહેવામાં આવ્યું. જેમાં નીચેના વિદ્યાર્થીઓને પારિતોષિક પ્રાપ્ત થયું.

પ્રથમ ઇનામ - ઈશ્વરી પ્રજ્ઞેશકુમાર પટેલ (હીરામણિ સ્કૂલ), દ્વિતીય - માન્ય અમિત જાની (હીરામણિ સ્કૂલ), તૃતીય - પૂજન નિરંજન પંચાલ (શેઠ સી. એન. વિદ્યાલય)

આ ચિત્રસ્પર્ધામાં શ્રી અમિતાભ મડિયા અને શ્રી મનીષ મોદીએ નિર્ણાયક તરીકે કામગીરી બજાવી હતી.

# પર્યાવરણ કાજે પુરુષાર્થ


સિમોન ઉરાંવ

ઝારખંડની રાજધાની રાંચીથી ૩૦ કિમી. દૂર બેરોમાં જન્મેલા સિમોન ઉરાંવે પર્યાવરણક્ષેત્રે અતુલ્ય યોગદાન આપ્યું છે. માંડ ચાર ચોપડી ભણેલા સિમોન ઉરાંવને ગામના લોકો પ્રેમથી ‘રાજાસાહેબ’ કે ‘બાબા’ના નામે બોલાવે છે. આજે બેરો બ્લૉક ઝારખંડમાં ‘ઍગ્રિકલ્ચર હબ’ બની ગયું છે. ભૂગર્ભ પાણીના સ્તરમાં વધારો થયો છે. વેરાન ભૂમિ પર આજે ખેતી થઈ રહી છે અને ઝારખંડના જુદા જુદા જિલ્લાઓ, બિહાર, ઓડિશા અને પં. બંગાળ જેવાં પાડોશી રાજ્યોને બેરો ૨૫ ટન શાકભાજી પૂરાં પાડે છે. આ વાત અત્યારે વાંચવા કે સાંભળવામાં આસાન લાગે છે, પરંતુ તેની પાછળ સાડા પાંચ દાયકાનો દીર્ઘ પુરુષાર્થ રહેલો છે. આજે ૯૦ વર્ષના સિમોન ઉરાંવે પોતાની ૨૮ વર્ષની ઉંમરે પર્યાવરણ-સંરક્ષણની શરૂઆત કરી હતી. એ સમયે ગામમાં દુષ્કાળ પડતો, લોકો ભૂખથી મરી રહ્યા હતા. આ બધી બાબતો સિમોન માટે બહુ પીડાદાયક હતી. તે સમયે એમણે નક્કી કર્યું કે પોતાનું જીવન પાણી અને વન-સંરક્ષણ માટે સમર્પિત કરી દેશે.

સિમોન ઉરાંવે જોયું કે લોકો પોતાના સ્વાર્થ માટે જંગલનાં વૃક્ષો કાપી નાખે છે તેમજ કેટલાક જંગલ-માફિયાઓ પણ જંગલનાં વૃક્ષો કાપીને વેપાર કરે છે. સિમોન કહે છે કે જંગલ નહીં કાપવાં જોઈએ, તે લોકોને સમજાવવાનું કામ ઘણું મુશ્કેલ હતું. શરૂઆતમાં તો જંગલ કાપવાનો વિરોધ કરનાર સિમોન તીર-કામઠાં લઈને ફરતો. તેણે નક્કી કરેલું કે ગમે તેટલી મુશ્કેલી આવશે, પણ ઝાડ કપાવા નહીં દઉં. તેના પર કેસ કરવામાં પણ આવ્યો અને જેલમાં પણ જવું પડ્યું, પરંતુ એ બધી બાબતોની સિમોન ઉરાંવ પર કોઈ અસર ન થઈ.

ધીમે ધીમે લોકોનો સાથ મળવા લાગ્યો. એણે દસ-દસ લોકોની ટીમ બનાવી. તેઓને કામની સામે ચોખા આપવામાં આવતા હતા. જે લોકો રસોઈમાં બળતણ તરીકે લાકડીઓનો ઉપયોગ કરતા એ લાકડીની કિંમત પચાસ પૈસા રાખવામાં આવી અને ત્યારબાદ બે રૂપિયા કરવામાં આવી. જો કોઈ વ્યક્તિ એક ઝાડ કાપે, તો તેની સામે એણે પાંચથી દસ વૃક્ષો વાવવાનાં એવો નિયમ બનાવ્યો. આ રીતે જંગલ બચાવવાનું અભિયાન ચલાવ્યું.

સિમોન ઉરાંવ તદ્દન સાધારણ માનવી લાગે, પણ આજે તેઓ અસાધારણ લોકોની વચ્ચે બેસીને કલાકો સુધી પર્યાવરણને કઈ રીતે બચાવી શકાય તેનો વિચારવિમર્શ કરે છે. તેમણે જંગલ બચાવવાનું અને વનવિસ્તાર વધારવાનું તો કામ કર્યું જ, પરંતુ તે

ઉપરાંત જલસંરક્ષણનું મહત્ત્વનું કામ કર્યું છે. આજે તેઓ ઝારખંડના ‘વૉટરમૅન’ તરીકે ઓળખાય છે. સૌથી પહેલાં એમણે પોતાની જમીન પર કૂવો ખોદ્યો. ત્યારબાદ આસપાસના લોકોને તળાવ ખોદવા પ્રેરિત કર્યા. ૧૯૫૫થી ૧૯૭૦ સુધી ચેકડૅમ બનાવવાનું અભિયાન ચલાવ્યું. આ કામ સાથે પાંચસો લોકો જોડાયા. શરૂઆતમાં બહુ તકલીફ પડી, કારણ કે ચેકડૅમ કેવી રીતે બાંધવા કે જેથી વધુમાં વધુ પાણીનો સારો ઉપયોગ થઈ શકે તે ખબર નહોતી. શરૂઆતમાં સફળતા ન મળી, છતાં તેઓ હિંમત હાર્યા નહીં. સરકારી એજન્સીઓની સહાય મેળવવા કોશિશ કરી અને કૉંક્રીટ ચેકડૅમ બનાવવામાં જ્યાં સુધી મદદ ન કરી, ત્યાં સુધી તેમણે સતત પ્રયત્ન ચાલુ રાખ્યો. એમના આ પ્રયાસે આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું. અંતે સફળતા મળી.

ધીમે ધીમે ખ્યાલ આવ્યો કે બંધને ૪૫ ફૂટ ઊંચો કરવાથી અને નાળાની ઊંડાઈ દસ ફૂટ રાખવાથી વરસાદનું પાણી અંદર ઝીલી શકાય. આ રીતે એમણે છ બંધ અને પાંચ તળાવ બનાવ્યાં તેમજ એક બાજુ સાડા પાંચ હજાર ફૂટ અને બીજી બાજુ સાડા ત્રણ હજાર ફૂટ નહેરો બનાવી. તેઓ મોટા બંધ બાંધવાના વિરોધી છે. આવા નાના ચેકડૅમથી ન તો પર્યાવરણને નુકસાન થાય છે કે ન તો લોકોએ વિસ્થાપિત થવું પડે છે. છથી આઠ ફૂટ પાણી રહે તેવાં બંધ અને તળાવો બનાવ્યાં તેનાથી સાત ગામમાં સિંચાઈ થાય છે. જલસ્રોતો માટે પોતાની જમીન આપી અને ગામના લોકોને જમીનદાન માટે પ્રેરિત કર્યા. તળાવ અને ચેકડૅમના નિર્માણમાં પોતાની મૂડી ખર્ચી. પોતાના ગામ જામટોલીમાં સૌથી મોટો બંધ બાંધ્યો છે, જે બાર હેક્ટરમાં ફેલાયેલો છે અને તેમાં બારે માસ પાણી રહે છે. એમના જલસંરક્ષણનું મૉડલ બેરો ખંડનાં પચાસથી વધુ ગામોએ અપનાવ્યું છે. આજે બારે મહિના પાણી મળતું હોવાથી શાકભાજી પણ ઉગાડવામાં આવે છે.

સિમોન ઉરાંવ પોતાની મજબૂત ઇચ્છાશક્તિથી સાડા પાંચ દાયકાથી વિકાસનું કામ કરી રહ્યા છે. તેની નોંધ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરતા સારાહ જ્વેઈટે પોતાના શોધનિબંધમાં લીધી છે. તેમણે બેરોનાં દસ ગામોમાં હરિયાળી ક્રાંતિ લાવી દીધી છે. તેઓએ ૫૦ ગામને પર્યાવરણ-સંરક્ષણ માટે પ્રેરિત અને શિક્ષિત કર્યાં છે. તેમને અમેરિકન મેડલ ઑફ ઑનર લિમિટેડ સ્ટ્રાકિંગ ૨૦૦૨ પુરસ્કાર, ૨૦૦૮માં ઝારખંડ સરકાર દ્વારા સન્માન અને ૨૦૧૬માં ‘પદ્મશ્રી’ પુરસ્કારથી સન્માનિત કરાયા છે.

પર્યાવરણ અને જલસંરક્ષણ પ્રત્યે સમર્પિત સિમોન ઉરાંવના જીવનકાર્ય પર બીજુ ટોપ્પો દ્વારા નિર્દેશિત ‘ઝરિયા’ (The Spring) નામની ડૉક્યુમેન્ટરી બની છે. આ ફિલ્મમાં સિમોન ઉરાંવે જલસંરક્ષણ અને પર્યાવરણ માટે કેવી પદ્ધતિ અપનાવી તે દર્શાવવામાં આવ્યું છે. ‘ઝરિયા’ને નવી દિલ્હીમાં એપ્રિલ, ૨૦૨૨માં આયોજિત ૧૧મી CMS વાતાવરણ ફિલ્મ ફેસ્ટિવલમાં એન્વાયર્મેન્ટ કન્ઝર્વેશન કૅટેગરીમાં સ્પેશ્યલ જૂરી મેન્શન ઍવૉર્ડ મળ્યો છે.

**– પ્રીતિ શાહ**

# થંભ્યા સંતૂરના સ્વરો


પંડિત શિવકુમાર શર્મા

'કૉલ ઑફ ધ વૅલી' નામની એક રેકૉર્ડ શ્રોતાઓમાં બહુ પ્રચલિત થયેલી. એક સમયે દૂરદર્શન અને આકાશવાણીના અનેક કાર્યક્રમની વચ્ચે ફીલર તરીકે આ રેકૉર્ડનો બહુ ઉપયોગ થયો છે. એચ.એમ.વી.ના ઈતિહાસમાં આ રેકૉર્ડના વેચાણનો પણ વિક્રમ નોંધાયેલો છે. આ રેકૉર્ડના આવરણ પર કાશ્મીરની પહાડીઓનું એક નયનરમ્ય દૃશ્ય જોવા મળતું. ઉપર લખેલું હતું 'કૉલ ઑફ ધ વૅલી.' આ દૃશ્ય અને શીર્ષક પરથી એવું લાગતું કે આમાં પ્રકૃતિનું સંગીત સાંભળવા મળશે અને શાસ્ત્રીય સંગીત ન સાંભળતા કે રસ ન ધરાવતા શ્રોતાઓ પણ આ રેકૉર્ડ ખરીદતા અને સાંભળતા રહેતા. આ રેકૉર્ડમાં એવો કંઈક જાદુ હતો કે સર્વ પ્રકારના શ્રોતાઓને સાંભળવી ગમતી હતી.

'કૉલ ઑફ ધ વૅલી'માં ત્રણ સંગીતકારોએ સંગીતની રજૂઆત કરી હતી. એ સંગીતકારો હતા, પંડિત શિવકુમાર શર્મા, પંડિત હરિપ્રસાદ ચૌરસિયા અને પંડિત બ્રીજ ભૂષણ કાબરાએ અનુક્રમે સંતૂર, વાંસળી અને ગિટારના સૂરોની રજૂઆત કરી હતી. અને એના સૂરો એટલા મનભાવન હતા કે બધા જ પ્રકારના શ્રોતાઓનાં દિલમાં વસી ગયા હતા. આ ત્રણમાંના એક સંતૂરવાદક પંડિત શિવકુમાર શર્માનું ૧૦ મે, ૨૦૨૨ના રોજ ૮૪ વર્ષની ઉંમરે અવસાન થયું. શાસ્ત્રીય સંગીતના શ્રોતાઓ માટે આ એક દુઃખદ સમાચાર છે. સંતૂરના પર્યાય સમા આ વાદકનો અને તેના વાદ્યનો થોડો મીતાક્ષરી પરિચય કરીએ.

શિવકુમાર શર્માનો જન્મ જમ્મુમાં ૧૩ જાન્યુઆરી, ૧૯૩૮ના રોજ થયેલો. એમના પિતા ઉમા દત્ત શર્મા એક ઉત્કૃષ્ટ સંગીતકાર હતા. તેઓ ગાયક હતા અને તબલાં પણ વગાડતા હતા. એમનાં માતા પણ એક સારાં ગાયિકા હતાં અને લોકગીતો ગાતાં હતાં. શિવકુમારના સંગીતગુરુ પણ એમના પિતા જ હતા, જેમણે એમને પાંચ વર્ષની ઉંમરથી સંગીત શીખવવું શરૂ કરેલું. પ્રારંભમાં તેઓ હાર્મોનિયમ અને તબલાવાદન શીખતા હતા અને ૧૩ વર્ષની ઉંમરથી સંતૂરની શિક્ષાનો આરંભ કરેલો. એક સંતૂરવાદક તરીકે શિવકુમાર આગળ આવે એવી ઈચ્છા એમના પિતાની જ હતી.

શિવકુમારે જ્યારે સંતૂરવાદન શરૂ કરેલું ત્યારે શાસ્ત્રીય સંગીતના શ્રોતાઓ માટે એ એક નવું જ વાદ્ય હતું. સંતૂર સામાન્ય રીતે કાશ્મીરનું એક લોકવાદ્ય હતું અને કાશ્મીર બહાર તે ખાસ પ્રચલિત નહોતું. વળી સંતૂરની કેટલીક મર્યાદાઓ હતી. જેમ કે સંતૂર પર સંગીતનાં કેટલાંક અંગોની પ્રસ્તુતિ નહોતી થતી. તેથી શાસ્ત્રીય સંગીતને માટે એ સ્વીકાર્ય નહોતું. પણ શિવકુમારે સંતૂરનો બખૂબીથી અભ્યાસ કરીને તેમાં

કેટલાક ફેરફારો કર્યા અને પછી તેના પર રાગની પ્રસ્તુતિ કરવાનો આરંભ કર્યો જેને કારણે શ્રોતાઓમાં એમને સ્વીકૃતિ મળી.

શિવકુમારની પ્રારંભિક કારકિર્દી એક તબલાવાદક તરીકેની રહી હતી. તેઓ જમ્મુ રેડિયોસ્ટેશન પર અન્ય સંગીતકારો સાથે તબલાસંગત કરતા. એવી જ રીતે એમણે પંડિત રવિશંકર સાથે એક કાર્યક્રમમાં તબલાસંગત કરેલી. પણ સંતૂરમાં જ આગળ વધવાની ઇચ્છાથી એમણે તબલાવાદન અને જમ્મુ રેડિયોસ્ટેશનની નોકરી છોડીને મુંબઈ જવાનું નક્કી કરેલું. મુંબઈના એમના પ્રારંભિક દિવસો બહુ સંઘર્ષમય રહ્યા હતા. પણ ધીરે ધીરે કામ મળવા લાગ્યું અને એક સંતૂરવાદક તરીકેની એમની એક આગવી ઓળખ એમણે ઊભી કરી.

ફિલ્મદિગ્દર્શક વી. શાંતારામની ફિલ્મ 'જનક જનક પાયલ બાજે'માં ગોપીકૃષ્ણના એક કથક નૃત્ય માટે એમણે એક બંદિશ તૈયાર કરી અને એની ખૂબ પ્રશંસા થઈ. આમ ફિલ્મ પાર્શ્વસંગીતમાં એમને કામ અને માન મળ્યાં. એ સમયની અનેક હિન્દી ફિલ્મોમાં એમણે સંતૂરવાદન કરેલું. ખાસ ઉલ્લેખનીય એવી દેવ આનંદની ફિલ્મ 'ગાઈડ'(૧૯૬૫)માં સચીનદેવ બર્મનના કહેવાથી એમણે એક ગીત 'મોસે છલ કીયે જાયે' (ગાયિકા : લતા મંગેશકર)માં ખાસ તબલાં વગાડેલાં. અંગત રીતે મેં એમને એક કાર્યક્રમમાં ઉસ્તાદ ઝાકીર હુસેનના તબલાવાદનમાં હાર્મોનિયમ પર લહેરો વગાડતા જોયા-સાંભળ્યા છે.

સચીનદેવ બર્મન અને રાહુલદેવ બર્મને શિવકુમારનો યોગ્ય વિનિયોગ એમના સંગીતમાં કર્યો. રાહુલદેવ બર્મનથી તેઓ ખાસ્સા પ્રભાવિત પણ હતા. તેથી પછીથી એમણે એમના પુત્રનું નામ પણ રાહુલ રાખ્યું. આજે તો રાહુલ પણ એક સંતૂરવાદક તરીકે જાણીતા થયા છે.

શિવકુમારનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવક હતું. ખૂબ ઊંચા એવા કે સમૂહમાં પણ દેખાઈ આવે. વાન ગોરો અને વાળની વિશિષ્ટ સ્ટાઇલે એમની એક આગવી ઓળખ ઊભી કરી હતી. ઝભ્ભો હંમેશાં ડાર્ક(ફાસ્ટ) રંગનો પહેરતા. એમણે અનેક ગીતો સ્વરબદ્ધ કરેલાં છે. એમણે આશિત દેસાઈએ ગાયેલી એક ગુજરાતી ગઝલ પણ સ્વરબદ્ધ કરેલી છે. સંગીતમાત્ર માટે એમને પ્રેમ હતો. પાશ્ચાત્ય સંગીત પણ તેઓ નિયમિત સાંભળતા હતા.

શિવકુમારે પંડિત હરિપ્રસાદ ચૌરસિયા સાથે 'શિવ-હરિ' નામથી જોડી બનાવીને કેટલીક ફિલ્મોમાં પણ પાર્શ્વસંગીત આપેલું છે. આ ફિલ્મોનું સંગીત ખાસ્સું વખણાયું અને પ્રસિદ્ધિ પામ્યું છે. અહીં કેટલીક ફિલ્મોને યાદ કરીએ તો 'સિલસિલા' (૧૯૮૧), 'ચાંદની' (૧૯૮૯) અને 'લમ્હે'(૧૯૯૧)ને ખાસ યાદ કરી શકાય. ફિલ્મ 'લમ્હે'નાં બે ગીત યાદ કરીએ તો 'મેઘા રે મેઘા, પાની કયું બરસા રે' અને 'મોરની બાગામાં બોલે-ચૂડિયાં ખનક ગઈ' (બંને લતા મંગેશકરનાં ગાયેલાં) સ્વરનિયોજનની રીતે અદ્‌ભુત છે. આ જોડીએ સર્જેલી કેટલીક બંદિશ સદા સ્મરણીય છે. શિવકુમારે દલાઈ લામા પર સર્જાયેલી ફિલ્મ 'ઑન લાઇફ ઍન્ડ એનલાઇટમેન્ટ'માં પણ પાર્શ્વસંગીત આપેલું છે. શિવકુમારની બધી મળીને લગભગ ૩૪ જેટલી રેકૉર્ડો પ્રગટ થઈ છે. એમને ત્રણ વખત પ્લૅટિનમ ડિસ્ક અને એક ગોલ્ડ ડિસ્ક એમના રેકૉર્ડોના વેચાણ માટે મળેલ

**(અનુસંધાન ૩૪મા પાને)**

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા
# અસ્મિતા વિશેષ સંવાદ

## (૧) નિરંજન રાજ્યગુરુ




અલખ નિરંજનની આહલેક જગાડનાર કોઈ સાધક કે મુનિ આપણને મળ્યા છે એવો અહેસાસ થયા વગર ન રહે. એમાં પણ નિરંજનભાઈના હાથમાં એકતારો આવે અને તેઓ બુલંદીથી ભજન લલકારે, ત્યારે આપણે ખુદ આંખ બંધ કરી તલ્લીન થઈ જઈએ ! એવા ઓલિયા ફકીર દેખાતા અને હકીકતમાં ભજન-સાહિત્યના મરમી સાધક શ્રી નિરંજન રાજ્યગુરુ સાથેના અસ્મિતા વિશેષ સંવાદના શરૂઆતના અંશો માણીશું.

'મારો જન્મ મારા મોસાળ મંડલીકપુર ગામમાં થયો. આ ગામ ગિરનારની ગોદમાં આવેલું છે અથવા કહો કે એના પર ગિરનારનો દત્ત શિખરનો પડછાયો પડે છે. મંડલીકપુર ગામમાં મારા નાના એટલે મારાં માતાના પિતા અહીં શિક્ષક હતા. અહીં ૧૯૫૫ની ૨૪મી ડિસેમ્બરના રોજ મારો જન્મ થયો. મારું વતન ઘોઘાવદર. મારા પિતાજી ત્યાંની તાલુકા શાળાના આચાર્ય હતા. તાલુકા શાળાના આચાર્ય તો થયા પણ ઘોઘાવદર ગામમાં એ નિશાળ જ્યારે શરૂ થઈ, ત્યારે ત્યાંના વયપત્રક રજિસ્ટરમાં પહેલો ક્રમ વલ્લભભાઈ રાજ્યગુરુનો. તે સમયે ઘોઘાવદરમાં નિશાળ નહોતી. ત્રણ કિમી. દૂર વાછરા ગામમાં નિશાળ હતી. ત્યાં ત્રણ કિલોમીટર ચાલીને જતા. આમ, ભાયાતના ગામમાં સ્કૂલ હતી અને ભગવતસિંહજીના પોતાના ગામમાં સ્કૂલ નહોતી. મારા પિતાજી પોણા ત્રણ વર્ષના હતા ત્યારે એમનાં માતા અને પિતા બંનેનું મરકીના રોગમાં અવસાન થયેલું. મારા પિતાજીના મોટા ભાઈ કર્મકાંડ કરતા અને બ્રાહ્મણનું ગામોટું કરતા. ત્યારે ઘોઘાવદરની સડક બંધાતી એટલે માથા ઉપર ટોપલા લઈ અને માટી સારીને એ મજૂરી કરતા હતા. મારા પિતાજીના મોટા ભાઈએ મારા પિતાજીને ભણાવ્યા. તેઓ વાછરાની નિશાળે ભણવા જાય. એમાં એક વખત ભગવતસિંહજી શાળામાં આવ્યા. બધાએ એમને વિનંતી કરી કે અહીંયાં સ્કૂલ થાય તો વધારે સારું. એટલે બીજા જ વર્ષથી ઘોઘાવદરમાં સ્કૂલ શરૂ થઈ અને રજિસ્ટરમાં પહેલું નામ મારા પિતાજીનું! સાતમું ધોરણ પાસ કરીને ભગવતસિંહજી પાસે ગયા એટલે એને તરત જ ધોરાજી પાસેના ભોળા ગામમાં શિક્ષક તરીકેની નોકરી ભગવતસિંહજીએ આપી દીધી.

ગોંડલ સ્ટેટનાં ૮૨ ગામ, પણ એમાં જે કોઈ ગામમાં તેજસ્વી વિદ્યાર્થી હોય તેની ભગવતસિંહજીને ખબર હોય અને એમાંય બ્રાહ્મણનો દીકરો હોય તો 'ભાઈ, તારે નોકરી

કરવી છે ને, મા-બાપ નથી, બ્રાહ્મણિયું કામ કરે છે. શિક્ષક થઈ જા, સાત રૂપિયાનો પગાર મળશે !' પછી તો એ બુનિયાદી શાળા શરૂ થઈ, પછી તાલુકા શાળા પણ થઈ અને મારા પિતાશ્રી એના પ્રથમ આચાર્ય થયા. ગામમાં પોસ્ટઑફિસ થઈ ત્યારે એના પ્રથમ પોસ્ટમાસ્તર થયા, સહકારી મંડળી થઈ એના સહકારી મંત્રી થયા ! ગ્રામપંચાયત થઈ તો ગ્રામપંચાયતમાં પણ આદ્યમંત્રી તરીકે મારા પિતાજીનું નામ.

સાહિત્ય, સંગીત અને કલા — આ ત્રણેય ધારાઓ જ્યાં વહે છે તે ઘોઘાવદર ગામ આપણા મધ્યકાલીન સંતકવિ દાસી જીવણનું ગામ. અહીં મારો ઉછેર થયો. પિતાજી સાહિત્યકાર, સંગીતકાર અને કલાકાર પણ ખરા. ચિત્રો પણ દોરે. આ બધી જ કલાઓ મારા બાળપણથી જ ધીરે ધીરે મારામાં ઊતરતી આવી. સૌથી વિશેષ વાત તો એ કે મારા પિતાશ્રી કવિ મકરંદ દવેના ગાઢ મિત્ર. ઘોઘાવદરથી છ કિલોમીટર ગોંડલ અને ગોંડલમાં મકરંદભાઈ રહે. સાત ધોરણ સુધી હું ઘોઘાવદર રહ્યો અને અહીંની શાળામાંથી જ સાતમું ધોરણ પાસ થયો. અમે બે ભાઈઓ, મારા મોટા ભાઈ ગિરીશભાઈ રાજ્યગુરુ હમણાં ત્રણ વર્ષ પહેલાં અવસાન પામ્યા. એ ભુવનેશ્વરીમાં ચીફ એકાઉન્ટન્ટ હતા. મારાથી નાની બહેન છે એ ગોંડલ છે. મૂળ મોટા દેવળિયામાં એ આયુર્વેદિક ડૉક્ટર છે.

મારાં માતુશ્રીનું નામ વિજયાબહેન. મોહનલાલ આત્મારામ વ્યાસ એટલે મારા નાના, જે મંડલીકપુરમાં શિક્ષક હતા. મારા પિતાજીએ પ્રૌઢશિક્ષણ-કેન્દ્રો શરૂ કરેલાં. અસ્પૃશ્યતાનિવારણનું કામ કરે અને ગાંધીજીની બધી પ્રવૃત્તિઓ ચલાવે. તેઓ રાત્રિશાળા ચલાવે અને તેને લઈને ઘોઘાવદર આખું ગામ સાક્ષર બન્યું. મારાં બા પણ રાત્રિશાળામાં બહેનોને શિખવાડે અને ૬૦-૬૦ વર્ષના નિરક્ષર બધા રાત્રિશાળામાં ભણવા આવે. એ વખતે અમે બંને ભાઈઓ નાના. અમારે ત્યાં 'રમકડું', 'ઝગમગ', 'બાલમિત્ર', 'બાલજીવન' સામયિકો આવતાં. 'રમકડું'માં મકરંદભાઈનાં કાવ્યો આવતાં. ઘરમાં બે-ત્રણ હજાર પુસ્તકો, મેઘાણીભાઈનાં બધાં પુસ્તકો, હું હજી પહેલા ધોરણમાં પણ નહોતો આવ્યો ત્યારે મને લખતાં-વાંચતાં આવડતું હતું. વળી તાલુકા શાળાના આચાર્યનો દીકરો એટલે હું કોઈ દિવસ પહેલા ધોરણમાં બેઠો જ નહીં. મારા પિતાજી સાતમું ધોરણ ભણાવે એટલે હું એની ખુરશી પાસે બેસું. સાતમા ધોરણના વિદ્યાર્થીઓને હું લેખન લખાવતો હોઉં !'

### (૨) યઝદી કરંજિયા

પારસીઓ દેખાવે અને બોલવે પરાણે વ્હાલા લાગે તેવા અને તેમાં પણ જેમણે જિંદગી રંગમંચ પર વિતાવી હોય તે તો વધુ આકર્ષક અને પ્રભાવક લાગે. પદ્મશ્રી યઝદી કરંજિયા એક સાંગોપાંગ નાટ્યકર્મી છે, તેનો અહેસાસ આપણને તેના સ્મિતભર્યા મુખારવિંદ પરથી આવ્યા વગર ન રહે. પોતાની મીઠી બોલીમાં શ્રી યઝદી કરંજિયા સાથેનો અસ્મિતા વિશેષ સંવાદ પણ શ્રોતાઓને મીઠડો જ લાગશે.

'વલસાડ મારી જન્મભૂમિ, સૂરત મારી કર્મભૂમિ અને આખું વિશ્વ મારી રંગભૂમિ.' હવે હું મારી વાત કરું અને મારાં સંત સમાં મમ્મી-ડેડીની. હા, મારી મમ્મી સો ટકા હાઉસવાઇફ, બિલકુલ નિર્દોષ આત્મા. એમ સમજોને કે અમારા કુટુંબ માટે મૂંગે મોઢે જીવન સમર્પિત કરી દીધું. મારાં મમ્મી બહુ જ દેખાવડાં, પણ કોઈ પણ દેખાડા વગર એમણે આખું જીવન અમારા માટે સમર્પિત કરી દીધું. 'એ રિયલ હાઉસવાઇફ.'

મારા પપ્પા સૂરતની પારસી બૉય્ઝ ઑર્ફનેજ(અનાથાશ્રમ)ના વિદ્યાર્થી હતા. એ ઑર્ફનેજ કહેવાય ખરી, પણ એમાં માત્ર ઑરફન વિદ્યાર્થીઓ ન રહે, પરંતુ એવા વિદ્યાર્થીઓ પણ રહે કે જેનાં મા-બાપ બહુ દૂરનાં ગામડાંમાં રહેતાં હોય અને ત્યાં શિક્ષણની બહુ સગવડ ન હોય. મારા દાદા ખંભાતમાં રહે. જેમ




ભરૂચને અંગ્રેજો ભરોચ કહેતા, વડોદરાને બરોડા કહેતા તેમ ખંભાતને એ લોકો કેમ્બે કહે. મારા દાદા ખંભાતના ધર્મગુરુ એટલે ધર્મ, સંસ્કાર, પ્રેમ એ અમને વારસામાં મળેલા. પિતાજી બહુ સામાન્ય વિદ્યાર્થી. He was not very smart or very intelligent પણ એટલું નક્કી માનજો કે ભગવાન દરેક વ્યક્તિને તેની ફરજ સોંપીને આ પૃથ્વી પર મોકલે છે. એ ફરજ તમે જો સારી રીતે નથી બજાવતા, તો ભગવાન તેમને પાછા મોકલે છે, જેને આપણે પુનર્જન્મ કહીએ છીએ. કે, જા ભાઈ, તેં પૂરી ફરજ નથી બજાવી, તું ફરજ બજાવીને પાછો આવ.'

મારા પિતાજી ઑર્ફનેજમાં શીખતા. પોતે સામાન્ય વિદ્યાર્થી અને મૅટ્રિક્યુલેશન સુધી આવ્યા. હવે સ્કૂલમાં નોટિસબોર્ડ પર એક દિવસ એમણે પીટબેંડ શૉર્ટહૅન્ડ ગોલ્ડ મેડલ લટકતો જોયો. નીચે લખ્યું હતું કે, આ પરીક્ષા લેવાશે અને એનાં પેપરો લંડનમાં તપાસાશે અને પછી પરિણામ આવશે ને જે જીતશે તેને આ મેડલ મળશે. મારા પિતાજી એ મેડલ જોયા કરતા હતા, તો પાછળથી એના મિત્રે આવીને કહ્યું : 'વાહ, તું તો એવી રીતે આ મેડલ જુએ છે કે આ મેડલ તને જ મળી જવાનો !' પિતાજી કહે, 'કેમ નહીં મળે? જે મહેનત કરે, તેને મળે.' આ વાત એમના હૃદયને સ્પર્શી ગઈ એટલે એમણે નક્કી કર્યું કે I will try to win this medal. એમણે મૅટ્રિક્યુલેશનનાં બધાં લેસનો બાજુ પર મૂકી દીધાં. ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી બધું બાજુએ મૂકી દીધું. મૅટ્રિક્યુલેશનમાં હતા તોપણ આખો દિવસ-રાત He worked for shorthand. એમણે શૉર્ટહૅન્ડ એટલું મજાનું શીખી લીધું કે એ ગોલ્ડ મેડલ જીતી ગયા. એમના શિક્ષકે પ્રિન્સિપાલને ફરિયાદ કરી કે આમાં કંઈ ગોલમાલ લાગે છે. આ છોકરો ગોલ્ડ મેડલ લાવી શકે નહીં. પ્રિન્સિપાલ કહે કે આપણી ઑફિસમાં ફરી પરીક્ષા લઈએ. પપ્પાની પરીક્ષા લીધી અને he won the gold medal પણ એ મૅટ્રિક્યુલેશનમાં નાપાસ થયા. કેમ કે બીજા વિષયો તો એમણે બાજુમાં મૂકી દીધા હતા એટલે ગાંસડાં-પોટલાં લપેટીને પરિણામ પછી ખંભાત આવી ગયા.

જુઓ કુદરતનો કેવો ક્રમ! અમને શૉર્ટહૅન્ડનું કામ બરાબર આવડી ગયું, સાથે ટાઇપરાઇટિંગ પણ ખરું અને થોડેઘણે અંશે એકાઉન્ટન્સી પણ જાણતા હતા. ખંભાત આવ્યા, પણ નોકરી કોણ આપે ? એટલે ખંભાતની ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, જે આમ તો ગુજરાતી જ શીખવતી હતી, ત્યાં ગયા અને કહે કે ભાઈ, મને સર્વિસ જોઈએ.

He was very good scoutmaster. He was very good cricketer. પછી તે ખંભાત સ્ટેટના ક્રિકેટના કૅપ્ટન પણ બન્યા. તેઓ વૉલીબૉલ પ્લેયર પણ હતા એટલે એમને પ્રિન્સિપાલે સ્કાઉટ-ટીચરની નોકરી આપી. ૧૫ રૂપિયા પગાર. એમને દિલમાં કંઈક થયા કરતું એટલે થોડા સમય પછી પ્રિન્સિપાલને વાત કરી કે  સર, 'મારી પાસે શૉર્ટહૅન્ડનું વિપુલ જ્ઞાન છે, ગોલ્ડ મેડલ મળેલ છે, હું ટાઈપરાઈટિંગ પણ બહુ સારું કરી શકું છું અને થોડે ઘણે અંશે એકાઉન્ટન્સી. જો આપ રજા આપો તો હું મારા ઘરની અંદર એક નાનો રૂમ છે, ત્યાં ટાઈપરાઈટિંગ અને શૉર્ટહૅન્ડના ક્લાસ ખોલું'. પ્રિન્સિપાલે કહ્યું, 'ખોલો, મને કંઈ વાંધો નથી.' એટલે એમણે ઘરનાં બારણાં આગળ લખી દીધું The cambe institute of commerce. થોડા દિવસ પછી પ્રિન્સિપાલે પૂછ્યું, 'કેટલા વિદ્યાર્થી ?' તો કહે, કોઈ નથી આવ્યું. કોણ આવે ? કોઈને ખબર પણ નથી. પ્રિન્સિપાલે કહ્યું, આ મારો દીકરો મોહન, મોહન એટલે તો ભગવાનનું નામ, એને તું શૉર્ટહૅન્ડ શીખવ, ટાઈપરાઈટિંગ શીખવ. બોલ તારી ફી કેટલી ? પપ્પા કહે, 'સાહેબ તમારી પાસે કંઈ ફી લેવાય ?' તો કહે, 'ફી તો લેવાની, તો જ એ વિદ્યાર્થી ગણાય. મારા પુત્ર તરીકે તારે નથી શીખવવાનું. તારા વિદ્યાર્થી તરીકે એને શીખવવાનું છે.' તો પપ્પા કહે, સાહેબ, ટાઈપરાઈટિંગના પાંચ અને શૉર્ટહૅન્ડના પાંચ એમ કુલ દસ રૂપિયા આપજો. એટલે કેમ્બે ઇન્સ્ટિટ્યૂટનો પહેલો વિદ્યાર્થી મોહન. તમે માનશો નહીં, આજ દિવસ પર્યંત અમે જ્યારે પહેલી રસીદ ફાડીએ અને છોકરાને રસીદ આપીએ તો 'મ' પરથી જ શરૂ કરીએ. આજે પણ અટક હોય કે નામ હોય, પણ 'મ' હોય તો પહેલી રસીદ એની.

**– સંકલન : ભદ્રાયુ વછરાજાની**

---

**(૩૦મા પાનાનું ચાલુ)**

છે. શિવકુમાર શર્માને ૧૯૮૬માં સંગીત નાટક અકાદમી ઍવૉર્ડ, ૧૯૯૧માં પદ્મશ્રી અને ૨૦૦૧માં પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવેલા છે.

શિવકુમાર શર્માએ વગાડેલા રાગોમાં મધુવંતી, મિશ્ર  તિલંગ, પૂરિયા કલ્યાણ, રાગેશ્રી, ભુપાલી, કેદાર, મલ્હાર, બીલાસખાની તોડી, ગુર્જરી તોડી તથા કિરવાણીનો સમાવેશ થાય છે. એમણે આંતરરાષ્ટ્રીય ઑરકેસ્ટ્રા 'શક્તિ ગ્રૂપ' સાથે અને 'રવિશંકર, ફ્રૅન્ડ્સ ઍન્ડ ફૅમિલી' સાથે પણ વગાડેલું છે.

શિવકુમાર શર્મા આમ તો વ્યવસાયી વાદક હતા છતાં શાસ્ત્રીય સંગીતને મનોરંજનનું માધ્યમ ન માનતા અને કહેતા, 'સંગીત એ તો આધ્યાત્મિક યાત્રાનો એક રસ્તો છે.' 'Classical music is not for entertainment. It is to take you on a meditative journey. યે તો મહેસૂસ કરનેકી ચીઝ હૈ.'

શિવકુમાર છેલ્લા કેટલાક સમયથી કિડનીની બીમારીથી ત્રસ્ત હતા. એમને ડાયાલિસીસ કરાવવું પડતું હતું. ૧૦ મે, મંગળવારના રોજ કાર્ડિયાક એરેસ્ટથી એમનું અવસાન થયું. સંગીતજગતને એક મોટા વાદકના જવાથી ખોટ પડી. આજે તો સંતૂર અન્ય પણ કેટલાક કલાકારો વગાડે છે, પણ સંતૂરની સાથે શિવકુમારનું નામ જે રીતે સંકળાયેલું છે એ આવનારાં અનેક વર્ષો સુધી યાદ રહેશે.

**– અભિજિત વ્યાસ**


# મોબાઇલ ઉત્પાદક કંપનીઓનો 'સ્માર્ટ' બિઝનેસ પ્લાન
# સ્માર્ટફોન એસેસરીઝ

થોડાં વર્ષો પહેલાં સ્માર્ટફોન ઉત્પાદક કંપનીઓ વચ્ચે બૉક્સમાં મોબાઇલની સાથે વધુ ને વધુ એસેસરીઝ આપવાની હોડ જામી હતી. આજે સ્માર્ટફોન જીવનમાં અનિવાર્ય બની ગયો છે, ત્યારે એના બૉક્સમાં ઓછામાં ઓછી એસેસરીઝ આપવાની સ્પર્ધા શરૂ થઈ છે. હવે તો મોબાઇલ સાથે ચાર્જર આવે એટલે વાત આમ તો ત્યાં જ પૂરી થઈ જતી હોય છે. મોબાઇલના બૉક્સમાં મુદ્દલ બે જ વસ્તુ હોય છે : એક મોબાઇલ અને બીજું ચાર્જર.

પણ સ્માર્ટફોન બનાવતી કંપનીઓ કંઈ ઓછી સ્માર્ટ થોડી હોય ! કંપની સ્માર્ટફોનની ડિટેઇલમાં બેની ચાર વસ્તુ કંઈક આ રીતે ગણાવે છે : સ્માર્ટફોન, ચાર્જર, યુએસબી કેબલ (જે ચાર્જરનો ભાગ હોવા છતાં કંપનીઓ અલગ ગણાવે છે) અને જેની એક પણ વપરાશકર્તાને કશી જરૂર હોતી નથી એ યુઝર ગાઇડ !

અગાઉ મોબાઇલ બૉક્સમાં ઉપરની સામગ્રી ઉપરાંત ઇયરફોન, સ્ક્રીન પ્રૉટેક્ટર અને કેટલાકમાં સેલ્ફી સ્ટિક પણ આવતી. સ્ક્રીન પ્રૉટેક્ટર અને સેલ્ફી સ્ટિક તો જાણે કે ન આપે એ સમજી શકાય, પણ કંપનીઓએ અચાનક મોબાઇલ બૉક્સના અભિન્ન અંગ એવા ઇયરફોનનીય બાદબાકી કરી નાખી. આજે બજારમાં સૌથી વધુ સ્માર્ટફોન વેચતી કંપનીઓ ફોનની સાથે ઇયરફોન નથી આપતી. શરૂઆતમાં સ્માર્ટફોન સસ્તા આપવાની જાહેરાતો કરીને ઘણી કંપનીઓએ આ એસેસરીઝ બૉક્સમાંથી ગાયબ કરી દીધી હતી. ગ્રાહકો એવી ગણતરી માંડતા હતા કે એક ઇયરફોન અલગથી ખરીદીએ તો ૨૦૦-૫૦૦ રૂપિયા વધશે, પણ બધી એસેસરીઝ સાથે મોબાઇલ લઈએ તો ૨૦૦૦ રૂપિયા વધી જશે. એ પછી બધી કંપનીઓને આ વ્યવસ્થા માફક આવી ગઈ. મોબાઇલની કિંમત વર્ષ દર વર્ષ વધતી ગઈ, બૉક્સમાંથી એસેસરીઝ ગાયબ થતી ગઈ. આજે ગ્રાહકને બૉક્સમાં માત્ર બે જ વસ્તુ મળે છે : મોબાઇલ અને ચાર્જર.

ઓછામાં ઓછી એસેસરીઝ આપવાની આ અવળીગંગા છેલ્લાં બે-ત્રણ વર્ષથી કેમ ધોધમાર વહેવા લાગી છે ? એનો ઉત્તર મેળવવા માટે સ્માર્ટફોન કંપનીઓનું લાંબા ગાળાનું સ્માર્ટ બિઝનેસ આયોજન સમજવું જરૂરી છે. એક બિઝનેસની પૅરેલલ કંપનીઓએ બીજા વિશાળ બિઝનેસનું સામ્રાજ્ય ખડું કરવાના ભાગ રૂપે આ માર્કેટ-વ્યૂહરચના અપનાવી હતી, જેમાં જગતભરના ગ્રાહકો આબાદ સપડાઈ ગયા. આથી બન્યું એવું કે વિશ્વમાં જેટલી ઝડપે સ્માર્ટફોનનું માર્કેટ વિકસ્યું છે, એનાથી બમણી ઝડપે સ્માર્ટફોન-એસેસરીઝનું માર્કેટ વિકસી રહ્યું. સ્માર્ટફોનનું વૈશ્વિક માર્કેટ ૧૧ ટકાના દરે વિકસે છે, પણ સ્માર્ટફોન-એસેસરીઝના બજારમાં ૩૦થી ૩૫ ટકાના વાર્ષિક દરે ઉછાળો આવી રહ્યો છે. અત્યારે મોબાઇલ-એસેસરીઝનું માર્કેટ ૨૨૪ અબજ ડૉલર છે અને ૨૦૨૪માં વધીને ૩૧૦ અબજ ડૉલર થશે.



સ્માર્ટફોન-એસેસરીઝ

રિટેઇલ સ્ટોર્સ સુધીનો નફો બાદ થાય પછી ઉત્પાદક કંપનીને એક સ્માર્ટફોનમાં ૨૦ ટકા જેટલો નફો મળે છે. એના બદલે એસેસરીઝમાં નફાનો ગાળો ખૂબ મોટો છે. મેમરી કાર્ડમાં ૩૦ ટકા માર્જિન છે. તો સ્ક્રીનગાર્ડમાં ૬૦-૭૦ ટકાનો નફો મળી રહે છે. મોબાઇલ-કવરમાં ૫૦ ટકાનું માર્જિન મળે છે તો પાવરબૅંક અને ચાર્જરમાં નફાનો ગાળો ૩૦-૪૦ ટકા છે. આ નફાનો ગાળો પ્રતિષ્ઠિત કંપનીઓનો છે. ચાઇનીઝ માર્કેટમાંથી ઢગલાબંધ એસેસરીઝ ભારતમાં ઠલવાય છે એમાં નફાનો ગાળો અકલ્પનીય છે.

અમેરિકન સર્વેક્ષણ કંપની વી આર ડેટા કલેક્શનના વૈશ્વિક સર્વે પ્રમાણે સ્માર્ટફોનની સરેરાશ લાઇફ પૂરી થાય એ દરમિયાન એક યુઝર્સ ઓછામાં ઓછા ચાર વખત ટફનગાર્ડ બદલે છે. ત્રણ મોબાઇલ કવર ચેન્જ કરે છે. એક સ્માર્ટફોન એવરેજ એક યુઝર્સ દોઢ-બે વર્ષ વાપરે છે. આ બે વર્ષ દરમિયાન ચાર-પાંચ ઇયરફોન બદલવા પડે છે અને નવો મોબાઇલ હાથમાં આવે એ પહેલાં સરેરાશ બે ચાર્જર ખરાબ થઈ ચૂક્યાં હોય છે.

સ્માર્ટફોન કંપનીઓની આ પાછળ સ્પષ્ટ ગણતરી છે. એક સ્માર્ટફોન સામે સ્માર્ટફોન એસેસરીઝનું માર્કેટ ક્યારેક બમણું તો ક્યારેક ત્રણ ગણું વધે છે. ૧૫ હજારનો સ્માર્ટફોન ખરીદનારને વર્ષે હજાર-બે હજાર રૂપિયા એસેસરીઝ પાછળ ખર્ચવામાં વાંધો હોતો નથી. વળી, એસેસરીઝમાં માર્જિન વધુ હોવાથી ઉત્પાદક કંપનીથી લઈને છેક રિટેઇલર્સ સુધી નફો સારો મળી રહે છે. સ્માર્ટફોન ઉત્પાદક કંપની પોતાની કંપનીના સ્માર્ટફોન મૉડલ માટે તો કવર-સ્ક્રીનગાર્ડ-ચાર્જર-ઇયરફોન બનાવે જ છે, પણ એ સિવાય એના જેવા જ બીજા સ્માર્ટફોનમાં ચાલે એવી એસેસરીઝનું ઉત્પાદન પણ કરે છે.

ઘણી સ્માર્ટફોન કંપનીઓએ બધી કંપનીઓમાં ચાલે એવી એસેસરીઝનું ઉત્પાદન કરવા માટે અગલ યુનિટ જ સ્થાપી દીધું છે. એમાં ચીનની કંપનીઓ સૌથી મોખરે છે. ભારતમાં તો મોબાઇલ એસેસરીઝના માર્કેટમાં ચીની કંપનીઓ મૉનોપૉલી ભોગવે છે. સાથે વિશ્વભરના સ્માર્ટફોન એસેસરીઝના બિઝનેસમાં ચીની કંપનીઓ સ્થાનિક કંપનીઓને હંફાવે છે. સસ્તી અને દેખાવમાં ગમી જાય એવી એસેસરીઝની રેન્જમાં ચીનની કંપનીઓની ભાગ્યે જ કોઈ કંપની સ્પર્ધા કરી શકે. દરેક કિંમતમાં, દરેક મટીરિયલમાં અને દરેક સ્માર્ટફોનમાં ચાલી જાય એવી એસેસરીઝ ચીનની કંપનીઓ ગ્રાહકને વિશાળ રેન્જમાં પૂરી પાડે છે.

ઇયરફોન, સ્ક્રીન પ્રૉટેક્ટર, મોબાઇલ-કવર, પાવર બૅંક અને ચાર્જર – આ પાંચ પ્રોડક્ટ સૌથી વધુ વેચાતી મોબાઇલ એસેસરીઝ છે. ૨૦૧૨ પછી બનતા લગભગ

તમામ સ્માર્ટફોનમાં ગોરીલા ગ્લાસ હોય છે. ગોરીલા ગ્લાસ હોય પછી સ્ક્રીનગાર્ડની જરૂર રહેતી નથી, છતાં ગ્રાહકો ગોરીલા ગ્લાસ પર વિશ્વાસ મૂકવાને બદલે ગ્લાસગાર્ડ ઉપર ભરોસો મૂકવાનું વધુ પસંદ કરે છે !

આ સિવાયની નવી નવી મોબાઇલ એસેસરીઝ વિકસી રહી છે. દુનિયાભરની યુવા પેઢીમાં અત્યારે વાયરલેસ હેડફોનનું ચલણ ખૂબ વધ્યું છે. મોબાઇલ-એસેસરીઝમાં સૌથી વધુ વાયરલેસ હેડફોનની ડિમાન્ડ રહે છે. અમેરિકામાં એસેસરીઝનો બિઝનેસ ૧૫ હજાર લાખ ડૉલરનો છે અને એમાં ૧૮ ટકા હિસ્સો વાયરલેસ હેડફોનનો છે, તો યુરોપમાં મોબાઇલ એસેસરીઝનું અંદાજિત માર્કેટ ૨૩ હજાર લાખ ડૉલર છે. એમાં ૨૭ ટકા હિસ્સો વાયરલેસ હેડફોન, બ્લૂટૂથ સ્પીકર અને બૅક-કવરનો છે. વિશ્વમાં સૌથી વિશાળ એસેસરીઝ માર્કેટ એશિયાનું છે. કુલ એસેસરીઝનો ૪૦ ટકા હિસ્સો એશિયન દેશોમાં વેચાય છે. એમાં ચીન, ભારત અને જાપાન સૌથી આગળ છે.

૧૦ વર્ષ પહેલાં આ બિઝનેસની અલગથી ગણતરી થતી ન હતી. ૨૦૧૦માં મોબાઇલ-એસેસરીઝનું માર્કેટ આજની તુલનામાં આઠમા ભાગનુંય ન હતું. છેલ્લાં સાત વર્ષમાં એટલી ઝડપે વધી ગયું કે હવે સ્માર્ટફોનની સાથે સ્માર્ટફોન-એસેસરીઝ જુદો બિઝનેસ ગણાય છે અને સ્માર્ટફોનની સરખામણીએ વધુ મલાઈદાર ગણાય છે ! આ ક્ષેત્રમાં ઝંપલાવતી કંપનીઓ સ્માર્ટફોનનું ઉત્પાદન કરવાને બદલે સ્માર્ટફોન-એસેસરીઝના ઉત્પાદનને પ્રાથમિકતા આપતી થઈ છે. એ વાત એસેસરીઝના માર્કેટની વધતી શાખની ચાડી ખાય છે !

આજે સ્થિતિ એવી છે કે એક તરફ સ્માર્ટફોનનાં બૉક્સ ખાલી થતાં ગયાં. બીજી તરફ ગ્રાહકોનાં ખિસ્સાં ખાલી થતાં ગયાં. ત્રીજી તરફ એક નવી બિઝનેસ શીટ ભરાતી ગઈ !

આપણા દેશમાં ૨૦૨૧માં ૧૨૦ કરોડ મોબાઇલફોન વપરાશમાં હતા, એમાંથી ૭૦ કરોડ સ્માર્ટફોન છે. ૨૦૨૬ સુધીમાં ભારતમાં ૧૦૦ કરોડ સ્માર્ટફોન યુઝર્સ હશે. ભારતમાં સ્માર્ટફોન-માર્કેટ જે ઝડપે વધી રહ્યું છે એ જોઈને વિશ્વની અગ્રણી સ્માર્ટફોન ઉત્પાદક કંપનીઓની નજર ભારતના વિશાળ માર્કેટ પર છે. દેશમાં સ્માર્ટફોનનું માર્કેટ ૧૪૦ અબજ ડૉલરને પાર થઈ ચૂક્યું છે. રૂપિયામાં એ આંકડો ૧,૦૮,૧૬,૭૮,૫૪,૦૦,૦૦૦ આટલો મોટો થાય! સ્માર્ટફોન માર્કેટની જેમ દેશમાં એસેસરીઝનું માર્કેટ પણ બમણા વેગે આગળ વધી રહ્યું છે. ઈયરફોન, હેડફોન, બ્લૂટૂથ ચાર્જર, પાવર બૅંક, સિમ ઈજેક્ટર, મેમરી કાર્ડ, સેલ્ફી સ્ટિક, મોબાઇલનાં ફેન્સી કવર, સ્ટૅન્ડ, બ્લૂટૂથ સ્પીકર જેવી સ્માર્ટફોન એસેસરીઝનું વેચાણ ભારતમાં એટલું ઝડપથી વધ્યું છે કે ૨૦૧૭માં તેનું વેચાણ ૬,૨૩૦ કરોડ રૂપિયાનું હતું, જે પાંચ વર્ષમાં બમણાથીય વધીને ૧૫ હજાર કરોડે પહોંચી ચૂક્યું છે. આ આંકડો ઇન્ડિયા ઇન્ડસ્ટ્રી ઍનાલિસિસ ઍન્ડ ઑપોર્ચ્યુનિટી ઍસેસમેન્ટના અહેવાલમાં રજૂ કરવામાં આવ્યો હતો. ૨૦૨૭ સુધીમાં આ માર્કેટ ૩૦ હજાર કરોડ રૂપિયાને પાર થઈ જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય.

**– હર્ષ મેસવાણિયા**

# પેવેલિયન વૈવિધ્ય

ગુર્જર રાષ્ટ્ર એટલે ગુજરાત, પશ્ચિમ ભારતની સાંસ્કૃતિક વિરાસતનું એક અણમોલ રત્ન. એની વિશાળતા ભૌગોલિક રીતે અનોખી ઓળખ ધરાવે છે. આખા ભારતના સૌથી લાંબા દરિયાકિનારાનું માન પણ એ ખાટી જાય છે; તો - આખાય પશ્ચિમ ભારતમાં ગુજરાત ખાતે - અમદાવાદ ખાતે જ સાત જેટલાં સ્થાપત્યનું સંકુલ હોવું એ પણ ગૌરવની જ વાત છે ને ! યાદ છે ને મકરબા ગામે આવેલા સરખેજ રોજાના મંડપ એટલે કે પેવેલિયનની મુલાકાત આપણે લીધી હતી તે ! નવચૉકી, સોલહ ખંભા કે બારાદડી નામે ઓળખાતા એ પેવેલિયનની ભોંય પર રંગીન પથ્થર જડીને કરેલી અણીદાર ભૌમિતિક ભાતની બિછાત તેમાં જોવા મળે અને તેના નવે ડૉમમાં અંદરની બાજુએ કલાત્મક, નાજુક, ઝીણી કોતરણીમાંથી જાણે કે કર્ણપ્રિય સૂરાવલિ સરકે. અરે ! આ તો માત્ર એક જ સ્થાપત્યની વાત થઈ. મૂળ બોતેર એકરનું આ પરિસર અનેક બાગબગીચાઓથી ઘેરાયેલું હતું. સમય સરતાં અનેક દબાણોને કારણે આ સ્થળ ચોત્રીસ એકરનું થઈ ગયું. પાછળથી મહંમદ બેગડાએ ચાંપાનેરથી અહીં આવી સત્તર એકરમાં આ પરિસરની પાછળ એક લંબગોળ તળાવ ખોદાવડાવ્યું હતું. પંદરમી સદીના ઉત્તરાર્ધમાં સરવર કાંઠે તેમણે અનેક સામિયાણાં (પેવેલિયન્સ) બંધાવ્યાં અને એક નાની અંગત કબર પણ બનાવડાવી. રાજવી પરિવાર માટેના આ સ્થળને રાજાનો મહેલ અને રાણીના મહેલ તરીકે ઓળખ મળી. શાહી કુટુંબ અહીં વર્ષના છ માસ માટે નિવાસ કરતું. તળાવના નૈર્ઋત્ય ખૂણે આ બે મહેલો તેમને ઉનાળામાં ઠંડા પવનની સવલતો કરી આપતા. ભવ્યતા અને જાહોજલાલીને અનુરૂપ સ્તંભોની શ્રેણીથી મહેલો પેવેલિયન જેવા લાગતા.

હજી આજે પણ ડાબે પ્રિન્સ પેવેલિયન અને જમણે પ્રિન્સેસ પેવેલિયન ભગ્ન છતાં ભવ્ય લાગી રહ્યાં છે. બે માળની આ ઈમારતોમાં કુદરતી પ્રકાશને કારણે તડકા-છાયાની અતિ સુંદર ઝાંય જાણે કે પકડદાવ રમતી લાગતી. સ્તંભોની હારમાં વચ્ચે વચ્ચે કમાનદાર દરવાજા, ઉપર ઝરૂખા અને તેની ઉપર અગાશીમાં નકશીદાર ટોડલા નજરે ચડે. એક સમે ગેરુઆ રંગના રેતિયા પથ્થરમાં કરાયેલી ઝીણી કોતરણીના થોડાક અંશો પણ જો જોવા મળે તો આખુંય દૃશ્ય સળંગ થઈને નજરે તરવરે. કિલ્લાની હોય તેવી કાંગરી, ઝરૂખાની ગૅલરીની પાળી ઉપર સરળ આંકા, ભૌમિતિક ભાત, કમળફૂલવાળા મદલ રાજાશાહી ઠાઠને ઉજાગર કરે. છજાના ભાગે પણ એવી જ કલાકૃતિ ! મદલના ઊભા, આડા ટેકા ઈમારતના એ ભાગને પોતાના શિરે જાણે કે ધરીને ન ઊભા હોય એવા લાગે. બંને પેવેલિયન વચ્ચેની ગલી (પૅસેજ) એ બંનેના સંવાદને સ્હેજેય આડી



ન આવે હોં ! આ સ્થળ તો એ રાજ પરિવાર માટે વિશ્રામ, ગીત-સંગીત કચેરી અને ધ્યાન-યોગનું કેન્દ્ર બની ગયેલું. કદીક વળી અગાશીએ છત્તરડી પણ હશે જે વર્ષો સુધી લંબાયેલી સંગીતસભાઓની સાક્ષી રહી હશે ! પેલે પારથી પણ દેખાતું આ સ્થાપત્ય પૅસેજ સહિત કોઈ રહસ્યસ્ફોટ કરતું ત્રિકોણ-સમદ્વિભુજ રચના છે. વિચારપૂર્વક કરાયેલી આ રચનામાં ઠંડા પવનની દિશાએ વિશાળ કમાનયુક્ત ઢળતો રસ્તો છે જે તળાવ તરફ જાય છે. અનેક પગથિયાં અને તેની ગોઠવણ જોતાં રસિકોને મોઢેરા સૂર્યમંદિરની પાછળના તળાવની રચનાની યાદ અપાવે !

આ જગ્યાને હાથીખાના પણ કહે છે. રાજા-રાણીના હાથી-ઘોડા આ રસ્તે થઈને જ તળાવે પાણી પીવા જતા. અલબત્ત, હાલ એ સીધો રસ્તો પુરાતત્ત્વ ખાતાએ બંધ કર્યો છે. ઉપરાંત અહીં રાજાની કબર પણ છે. ઘણાં બધાં ઈંટનાં બાંધકામો કદાચ તેમના સેવકોના રહેઠાણ માટે વપરાતા. આ સઘળું રોજાનાં અન્ય બાંધકામોની જેમ ઇન્ડો-ઇસ્લામિક શૈલીમાં છે. એ સમયે તળાવ (ધ ગ્રેટ ટૅન્ક), પ્લૅટફૉર્મ અને પેવેલિયનનો ઉપયોગ જનતા પણ કરી શકતી. રાણીની મઝાર પાસે ખૂલતી ગૅલરી ભલે પંદરમી સદીની ઇન્ડો-આર્સૅનિક શૈલીની બે માળની ઇમારત હતી પણ વીસમી સદીના સ્થપતિ લા કોર્બુઝેરના મતે તો 'એક્રોપોલિસ ઑફ ઍથેન્સ' જેવું લાગતું આ પરિસર 'અમદાવાદનું એક્રોપોલિસ' છે. સરખેજ રોજાના પ્રવેશે જે પેવેલિયન છે ત્યાંથી પરિસર સોંસરવા નીકળીએ તો છેલ્લે આ બે સામિયાણાં મળે. વચ્ચે અન્ય સ્થાપત્યો અને એની ફરતે તળાવ તરફના રવેશ પર આંટો મારીએ તો પાછી કલાત્મક ઝલક મળે એ તો છોગામાં ! હા, આપણે ભલે સાંકળીએ પણ છે તો એ બધાય નોખા નોખા અંદાજમાં અને સ્વતંત્ર મિજાજમાં !

**– સુધા ભટ્ટ**

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

## (ઑનલાઇન કાર્યક્રમો)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૮ જૂન, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી નિરંજન રાજ્યગુરુ (સમયમર્યાદા : ૧ કલાક, ૪૪ મિનિટ)

◈ **૨૨ જૂન, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી યઝદી કરંજિયા (સમયમર્યાદા : ૨ કલાક, ૭ મિનિટ)

## પુનઃપ્રસ્તુતિ

◈ **૧૪ જૂન, ૨૦૨૨, મંગળવાર : સાંજના ૫-૩૦**

કબીરજયંતી – સંત કબીરની જયંતી પ્રસંગે કુમારપાળ દેસાઈના 'અગિયારમી દિશાનું અજવાળું' વિષય પરના વક્તવ્યની પુનઃપ્રસ્તુતિ.

◈ **૨૬ જૂન, ૨૦૨૨, રવિવાર : સાંજના ૫-૩૦**

જયભિખ્ખુનો જન્મદિવસ – મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર અને જિંદાદિલ સર્જક જયભિખ્ખુ વિશે સંધ્યા ભટ્ટના વક્તવ્યની પુનઃપ્રસ્તુતિ.

* * *

## ( ઑફલાઇન કાર્યક્રમો )

## 'ગુજરાત દર્પણ' પ્રેરિત પત્રકારત્વ વ્યાખ્યાનમાળા

◈ **૧૧ જૂન, ૨૦૨૨, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : પૉઝિટિવ જર્નાલિઝમ ક્ષેત્રે મારા અનુભવો
વક્તા : શ્રી રમેશ તન્ના

## કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ

## સંસ્કાર, શિક્ષણ અને સાહિત્ય વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૮ જૂન, ૨૦૨૨, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : સંવેદનશીલતા અને સર્જનાત્મકતાના વિકાસમાં શિક્ષણનો ફાળો
વક્તા : શ્રી મનસુખ સલ્લા

## પદ્મભૂષણ ડો. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ

◈ **૨૭ જૂન, ૨૦૨૨, સોમવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતમાં કલાના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારને

દર વર્ષે 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' અપાય છે. આ વર્ષે આ ઍવૉર્ડ કથક નૃત્યનાં વિખ્યાત કલાકાર શ્રી કુમુદિની લાખિયાને એનાયત કરવામાં આવશે તથા એ સમયે 'કદમ્બ' દ્વારા નૃત્યપ્રસ્તુતિ થશે.

## આસ્વાદ

**◈ ૧૯ જૂન, ૨૦૨૨, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં પૂર્વ અધ્યાપક અને 'ગુજરાત સમાચાર'ના કૉલમલેખક ડૉ. પ્રીતિ શાહ 'સેવા : નવી દૃષ્ટિ, નવી ક્ષિતિજ' વિશે વક્તવ્ય આપશે.

---

## લેખનશિબિર

ગુજરાત વિશ્વકોશ એટલે જ્ઞાનની અનેકવિધ શાખાઓ ધરાવતો વડલો. તેમાંની એક શાખા એટલે આદરણીય ધીરુબહેન પટેલની નિશ્રામાં ચાલતી બહેનોની સંસ્થા 'વિશ્વા'. વયસ્ક બહેનોની સર્જનાત્મક શક્તિને અભિવ્યક્ત થવાની ભૂમિકા પૂરી પાડતી આ સંસ્થાના ઉપક્રમે તા. ૧૭-૫-૨૦૨૨ના રોજ, મંગળવારે સવારે દસ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી એક 'લેખન-શિબિર'નું આયોજન થયું હતું, જેમા ચાળીસ બહેનોએ ભાગ લીધેલો. વિશ્વકોશ-ગાનથી એનો પ્રારંભ થયો. આરંભમાં જાણીતાં કવયિત્રી લતા હિરાણીએ લેખન-શિબિરની ભૂમિકા સમજાવી. ત્યારબાદ આદરણીયશ્રી કુમારપાળ દેસાઈએ વિશ્વકોશ દ્વારા ચાલતી અનેક પ્રવૃત્તિઓનો આછો પરિચય આપી, બહેનો જે લખે છે તેમાં સુધારાઓ કરી, કેવી રીતે સાહિત્ય-સર્જન કરી શકે તે માટેની આ શિબિરના હેતુની વાત કરી. પ્રથમ વક્તા તરીકે શ્રદ્ધા ત્રિવેદીએ ભાષાના વિવિધ સ્તરોની વાત કરી. અખબાર-લેખનના વૈવિધ્યની વાત કરી. ગોવર્ધનરામ તથા ગાંધીજીની ભાષાનાં ઉદાહરણ આપી, ગુજરાતી ભાષાની તાકાતનો પરિચય કરાવ્યો. પ્રતિષ્ઠિત કેળવણીકાર શ્રી મનસુખ સલ્લાએ કેળવણી, શિક્ષણ અને ભાષા સંદર્ભે ઉમાશંકર જોશી અને 'દર્શક'ના સાહિત્યમાંથી ઉદાહરણોથી ગુજરાતી ભાષામાં રહેલી ગુંજાઇશ સમજાવી અને માતૃભાષામાં પ્રાથમિક કેળવણીની અનિવાર્યતા સમજાવી.

પોતાનાં સર્જનમાં પોતાને પોતાનાં જ જીવનમાંથી કેવી રીતે વિષયો મળ્યા તેની વાત રામ મોરીએ કરી. ડૉ. પિન્કી પંડ્યાએ જોડણી વિશે ઉદાહરણો સહિત વાત કરી, બહેનોની જોડણી વિશેની અનેક ગૂંચોને સરળતાથી ઉકેલી. આ ઉપરાંત પ્રજ્ઞા પટેલે પ્રવાસનિબંધની ભાષાની વાત કરી. લતા હિરાણીએ જોડણી વિશે અને અનુસ્વાર વિશે વાત કરી. અંતે મૈત્રી શાહે બહેનોને સમાનાર્થી, કહેવતો-રૂઢિપ્રયોગો વગેરે સાંકળીને રમત રમાડીને ભાષાજ્ઞાનમાં-શબ્દભંડોળમાં વૃદ્ધિ કરી. સમગ્ર શિબિરનું સંચાલન લતા હિરાણીએ ખૂબ સરસ રીતે કર્યું. બધી બહેનો માટે આ એક અવિસ્મરણીય દિવસ હતો.


**– શ્રદ્ધા ત્રિવેદી**

## નવું પ્રકાશન

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું એક ઐતિહાસિક પ્રકાશન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા બૃહદ નાટ્યકોશ સર્જવાના સીમાચિહ્નરૂપ પુરુષાર્થની ફલશ્રુતિ રૂપે જાણીતા દિગ્દર્શક અને નાટ્યવિદ શ્રી ભરત દવેલિખિત 'ભારતીય રંગભૂમિ' (ભાગ-૧ અને ૨) પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ભારતના પ્રાદેશિક લોકનાટ્યોનો વિશાળ ફલક પર આલેખ આપવામાં આવ્યો છે. શ્રી ભરતભાઈ દવેએ ભારતની રંગમંચ-કલાઓના વિરાટ મહાસાગરમાંથી અસંખ્ય મોતી અને રત્નોનો ભંડાર અહીં આપ્યો છે. એના પ્રથમ ભાગમાં જુદાં જુદાં રાજ્યોનાં લોકનાટ્યો, લોકનૃત્યો અને લોકકલાઓનો પરિચય આપવામાં આવ્યો છે અને ગ્રંથના પ્રારંભે સંસ્કૃત પ્રશિષ્ટ રંગભૂમિ વિશે ભૂમિકા બાંધી આપીને ભારતનાં તેર રાજ્યોનાં નાટ્ય, નૃત્ય અને કલાઓની ચર્ચા કરી છે. તો એના બીજા ભાગમાં પણ એ જ રીતે દક્ષિણ ભારતનાં અને અન્ય રાજ્યોની વાત કરીને શાસ્ત્રીય નૃત્યો અને નૃત્યનાટિકાઓના મહાનસર્જકોની વાત કરી છે. વળી આમાં ઉદયશંકરથી માંડીને સુનિલ કોઠારી જેવા નૃત્યનાટિકાઓના મહાનસર્જકોનાં કાર્યોનો પરિચય પણ આપ્યો છે. ભારતની અન્ય ભાષાઓમાં આજ સુધી આવો ગ્રંથ લખાયો નથી, ત્યારે ભારતનાં વિભિન્ન રાજ્યોમાં પાંગરેલી પારંપરિક પ્રાદેશિક રંગભૂમિ વિશે જાણકારી આપતો આ ગ્રંથ ગુજરાતી નાટ્યસાહિત્યનું એક ગૌરવશિખર બની રહ્યો છે.




આર્ટ પેપરમાં સચિત્ર એવા આ ગ્રંથના બંને ભાગની **કુલ કિંમત** ૩,૦૦૦ **રૂ.** છે, પરંતુ **૩૦ જૂન સુધી આ ગ્રંથ ૨,૦૦૦ રૂ.**માં આપવામાં આવશે.

*('ભારતીય રંગભૂમિ' ભાગ-૧ અને ૨, લે. ભરત દવે, પ્રથમ આવૃત્તિ ૨૦૨૨)*




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને
સાહિત્ય અકાદમી, દિલ્હીના ઉપક્રમે
'મીટ ધ ઑથર' કાર્યક્રમ અંતર્ગત
શ્રી સતીશ વ્યાસનો સંવાદ



'આપણી વર્તમાન જીવનશૈલી
અને સ્વાસ્થ્યની સંભાળ' વિશે
કર્નલ ડૉ. યશવંત જોશી





હરિકેત પાઠક ચિત્ર-સ્પર્ધામાં
વિજેતા-સ્પર્ધકો સાથે
જમણી બાજુથી : ઉમા પાઠક,
હરિકૃષ્ણ પાઠક,
અમિતાભ મડિયા,
મનીષ મોદી, પ્રીતિ શાહ

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. at Ahd PSO On 5th every month.



આગમન




ઉદ્‌બોધન



ઉપસ્થિત મહાનુભાવો



ઉદ્‌ઘાટન